**અંક બંધ રહેશો**

ધુળેટી પર્વને અનુલક્ષીને તા.૧૪/૦૩/૨૦૨૫ ના રોજ સંજોગ ન્યૂઝ કાર્યાલય રજા પાળશે. જેથી તા.૧૫/૦૩/૨૦૨૫નો અંક પ્રકાશિત થશે નહિ. તા.૧૬/૦૩/૨૦૨૫ના રોજથી રાબેતા મુજબ અખબાર પ્રકાશિત થશે. જેની વાંચકો, એજન્ટ મિત્રો અને વિતરકોએ નોંધ લેવી.

- મેનેજમેન્ટ

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 । Issue- 159 । AD - 2025, Fagan Sud- 15 । Friday, Dt.14-03-2025 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00







## હિન્દી લાદવા અંગે તમિલનાડુ અને કેન્દ્ર વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે રાજ્યના બજેટમાંથી ચિહ્ન દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો

# ભાષા વિવાદ વચ્ચે સ્ટાલિન સરકારે બજેટ લોગોમાં રૂપિયાના પ્રતીકને બદલી નાખ્યું

ચેન્નાઇ,તા.૧૩

ભાષા વિવાદ વચ્ચે, તમિલનાડુની સ્ટાલિન સરકારે ચલણ પ્રતીક પર મોટો નિર્ણય લીધો છે. સરકારે રાજ્યના બજેટ લોગોમાં રૂપિયાના પ્રતીકને તમિલ અક્ષર 'રુ' થી બદલી નાખ્યો છે. ૨૦૨૫-૨૬ ના બજેટમાં, રૂ. ના પ્રતીકને બદલવામાં આવ્યું છે. આ તમિલ લિપિનો 'રુ' અક્ષર છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા 'હિન્દી લાદવા' અંગે ડીએમકે અને કેન્દ્ર સરકાર વચ્ચે ઝઘડો ચાલી રહ્યો છે. આ દરમિયાન, સ્ટાલિન સરકારે આ મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ પહેલી વાર છે જ્યારે કોઈ રાજ્યએ રાષ્ટ્રીય ચલણ પ્રતીકને નકારી કાઢ્યું હોય.

રૂપિયાનું પ્રતીક ૧૫ જુલાઈ ૨૦૧૦ ના રોજ સત્તાવાર રીતે અપનાવવામાં આવ્યું હતું. આ ૫ માર્ચ, ૨૦૦૯ ના રોજ સરકાર દ્વારા જાહેર કરાયેલ ડિઝાઇન સ્પર્ધા પછી થયું. ૨૦૧૦ના બજેટ દરમિયાન, તત્કાલીન નાણામંત્રી પ્રણવ મુખર્જીએ એક એવું પ્રતીક રજૂ કરવાની જાહેરાત કરી હતી જે ભારતીય નૈતિકતા અને સંસ્કૃતિને પ્રતિબિંબિત કરશે અને તેને મૂર્તિમંત બનાવશે. આ જાહેરાત પછી જાહેર સ્પર્ધા યોજાઈ, જેના પરિણામે વર્તમાન ડિઝાઇનની પસંદગી કરવામાં આવી હતી.

રાજ્યના બજેટમાંથી ચિહ્ન દૂર કરવાનો નિર્ણય હિન્દી લાદવા અંગે તમિલનાડુ અને કેન્દ્ર વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે લેવામાં આવ્યો છે. તમિલનાડુએ એનઈપી ૨૦૨૦ ના મુખ્ય પાસાઓ, ખાસ કરીને ત્રિભાષી સૂત્રને લાગુ કરવાનો ઈનકાર કર્યો હતો. રાજ્યમાં ડીએમકેના નેતૃત્વ હેઠળની સરકાર દલીલ કરે છે કે એનઈપી દ્વારા, કેન્દ્ર સરકાર તમિલ ભાષી વસ્તીને હિન્દી શીખવા માટે દબાણ કરવા માંગે છે. તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને આરોપ લગાવ્યો કે એનઈપી એક ભગવા નીતિ છે જેનો હેતુ હિન્દીને પ્રોત્સાહન આપવાનો છે. સ્ટાલિને કહ્યું, અમે એનઈપી ૨૦૨૦ નો વિરોધ કરીએ છીએ, કારણ કે તે શિક્ષણ ક્ષેત્રમાં તમિલનાડુની પ્રગતિને સંપૂર્ણપણે નષ્ટ કરશે. મુખ્યમંત્રી એમકે સ્ટાલિને કહ્યું કે ભાજપ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી)ની આડમાં દક્ષિણ રાજ્ય પર "હિન્દી લાદવાનો" પ્રયાસ કરી રહી છે. તેમણે કહ્યું કે આ નીતિ ભારતના વિકાસને બદલે હિન્દીને પ્રોત્સાહન આપવા માટે બનાવવામાં આવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સામે આક્રમક હુમલો ચાલુ રાખતા, મુખ્યમંત્રી સ્ટાલિને કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન પર રાજ્યને મળતી ગ્રાન્ટ બંધ કરવાની ધમકી આપીને તેમને "બ્લેકમેઈલ" કરવાનો આરોપ લગાવ્યો હતો. સ્ટાલિને ધર્મેન્દ્ર પ્રધાનને "ઘમંડી" અને "રાજા જેવું વર્તન કરતા" ગણાવ્યા હતા. આ અઠવાડિયે તેમણે વડાપ્રધાન




નરેન્દ્ર મોદી પર પણ પ્રહારો કર્યા અને કહ્યું કે તેઓ ભારતને વિકાસ તરફ નહીં પરંતુ હિન્દીના પ્રચાર તરફ લઈ જઈ રહ્યા છે. "આ નીતિ ભારતના વિકાસ માટે નહીં પરંતુ હિન્દીને પ્રોત્સાહન આપવા માટે બનાવવામાં આવી છે. અમે તેનો વિરોધ કરી રહ્યા છીએ કારણ કે તે તમિલનાડુની શિક્ષણ પ્રણાલીને સંપૂર્ણપણે નષ્ટ કરશે," તેમણે બુધવારે તિરુવલ્લુરમાં એક કાર્યક્રમમાં કહ્યું. તેમણે એમ પણ કહ્યું કે કેન્દ્રએ રાજ્ય સંચાલિત શાળાઓ માટે રૂ. ૨,૧૫૦ કરોડની ગ્રાન્ટ બંધ કરી દીધી છે અને તેને એનઈપીના અમલીકરણ સાથે જોડી દીધી છે, જે રાષ્ટ્રીય સંઘીય માળખા પર હુમલો છે.

સ્ટાલિને વડાપ્રધાન મોદીને પ્રશ્ન કર્યો કે જ્યારે તેમણે રાજ્યોને પ્રાથમિકતા આપવાનું વચન આપ્યું હતું, ત્યારે તેમણે સંઘીય માળખાને મજબૂત બનાવવા માટે અત્યાર સુધી કયા પગલાં લીધાં છે? તેમણે આરોપ લગાવ્યો કે ભાજપ ૨૦૨૧ અને ૨૦૨૪ની તમિલનાડુ ચૂંટણીમાં પોતાની હારનો બદલો લઈ રહી છે. તેમણે કહ્યું, "અમે અમારા કરવેરા હિસ્સાની માંગ કરી રહ્યા છીએ જે અમે સખત મહેનતથી કમાયા છીએ. તેમાં શું ખોટું છે? શું એનઈપી સ્વીકારતા નથી તેથી ૪૩ લાખ શાળાઓના કલ્યાણ માટે ભંડોળ રોકવું યોગ્ય છે?" તેમણે કહ્યું, "જો આ યોજનામાં દરેકને શિક્ષણમાં સામેલ કરવામાં આવ્યા હોત તો અમે તેનું સ્વાગત કર્યું હોત, પરંતુ એનઈપી હેઠળ લોકોને શિક્ષણથી બાકાત રાખવામાં આવી રહ્યા છે." તેમણે આગળ કહ્યું, "શું તમે (પીએમ મોદી) ક્યારેય રાજ્ય સરકારો સાથે મુદ્દાઓ પર ચર્ચા કરી છે? તમે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર બનાવ્યા પછી, તમે રાજ્ય સરકારો પર રાજકીય બદલો નહીં લો, પરંતુ તમે તેનાથી વિપરીત કરી રહ્યા છો. અમને પૈસા આપવાનો ઈનકાર કરવો અને રાજ્યને નુકસાન પહોંચાડવું એ રાજકીય બદલોનો ભાગ છે. શું તમિલનાડુ એક ભિખારી રાજ્ય છે ?" મુખ્યમંત્રી સ્ટાલિને કહ્યું, "જો કોઈ રાજ્ય સરકારે સારું પ્રદર્શન કર્યું હોય અને દેશ માટે એક ઉદાહરણ સ્થાપિત કર્યું હોય, તો કેન્દ્ર સરકારે તેનું સમર્થન કરવું જોઈએ, પરંતુ આ વર્તમાન સરકાર તમિલનાડુના સારા કામથી ઈર્ષ્યા કરે છે અને દરેક પગલે આપણી સામે અવરોધો ઉભા કરવાનો પ્રયાસ કરી રહી છે. જ્યારે નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા હતા, ત્યારે તેમણે કહ્યું હતું કે સમગ્ર ભારતનું આયોજન દિલ્હીથી નહીં, પરંતુ રાજ્યોના સહયોગથી કરવામાં આવશે. હવે ૧૦ વર્ષ પછી, આ સરકાર એવું નથી કરી રહી, પરંતુ રાજ્યના અધિકારો અને સંઘીય માળખાને નષ્ટ કરવાનો પ્રયાસ કરી રહી છે."

રાજ્યની વિકાસ યોજનાઓનો ઉલ્લેખ કરતા સ્ટાલિને કહ્યું, "જરા વિચારો કે છેલ્લા ત્રણ વર્ષમાં તમિલનાડુએ કેટલો વિકાસ કર્યો છે. છેલ્લા ૧૦ વર્ષમાં, કેન્દ્ર સરકારની નીતિઓએ આપણા રાજ્યના વિકાસમાં અવરોધ ઊભો કર્યો હતો. ૨૦૨૧ માં, તમિલનાડુના લોકોએ DMK ની આગેવાની હેઠળની ગઠબંધન સરકારને ચૂંટી કાઢી અને રાજ્યમાં ઈન્ક્રીમેન્ટલિઝમ મોડેલ અપનાવ્યું. આજે તમિલનાડુ અન્ય રાજ્યો માટે એક ઉદાહરણ બની ગયું છે અને અન્ય રાજ્યો અમારા દ્વારા અમલમાં મુકાયેલી યોજનાઓને અનુસરી રહ્યા છે." તેમણે દાવો કર્યો હતો કે એનઈપી અનામતને સ્વીકારતું નથી, જે સામાજિક ન્યાય છે. ડીએમકે વડાએ આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકાર વ્યાવસાયિક શિક્ષણના નામે જાતિ આધારિત શિક્ષણ લાગુ કરવાનો પ્રયાસ કરી રહી છે. તમિલનાડુ સતત ત્રણ ભાષાના સૂત્રનો વિરોધ કરે છે. ૧૯૩૭માં, સી રાજગોપાલાચારીના નેતૃત્વ હેઠળની તત્કાલીન મદ્રાસ સરકારે ત્યાંની શાળાઓમાં હિન્દીનો અભ્યાસ ફરજિયાત બનાવ્યો હતો.






# ઔરંગઝેબની કબર તોડી પાડવા શિવસેનાના સાંસદની લોકસભામાં માંગ



નવીદિલ્હી,તા.૧૩

મહારાષ્ટ્રના રાજકારણમાં ઔરંગઝેબ પર હોબાળો ચાલુ છે. ઔરંગઝેબના વખાણ કરવા બદલ સપા નેતા અને ધારાસભ્ય અબુ આઝમી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. હવે ઔરંગઝેબ વિવાદ લોકસભામાં પડઘાવા લાગ્યો છે. શિવસેના પક્ષના સાંસદ નરેશ મ્હસ્કેએ બુધવારે લોકસભામાં માંગ કરી હતી કે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરના ખુલદાબાદમાં સ્થિત મુઘલ સમ્રાટ ઔરંગઝેબની કબર તોડી પાડવામાં આવે. લોકસભામાં શૂન્યકાળ દરમિયાન, શિવસેનાના નરેશ મ્હસ્કેએ જણાવ્યું હતું કે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા સંરક્ષિત ૩,૬૯૧ સ્મારકો અને કબરોમાંથી ૨૫ ટકા મુઘલ અને બ્રિટિશ અધિકારીઓના છે. આ બધું ભારતની સંસ્કૃતિ અને પરંપરાઓની વિરુદ્ધ કામ કરતું હતું. શિવસેનાના સાંસદ નરેશ મ્હસ્કેએ કહ્યું કે ઔરંગઝેબે છત્રપતિ સંભાજીની હત્યા કરી હતી અને હિન્દુ મંદિરોનો નાશ અને લૂંટ ચલાવી હતી. શિવસેનાના સાંસદ નરેશ મ્હસ્કેએ લોકસભામાં જણાવ્યું હતું કે નવમા અને દસમા શીખ ગુરુઓની હત્યા કરનાર ઔરંગઝેબનો મકબરો મહારાષ્ટ્રના ખુલદાબાદમાં એએસઆઈ દ્વારા સાચવવામાં આવ્યો છે. સાંસદે કહ્યું, “ઔરંગઝેબ જેવા ક્રૂર વ્યક્તિની કબરને સાચવવાની શું જરૂર છે? ઔરંગઝેબ અને ભારત વિરુદ્ધ કામ કરનારા તમામ લોકોના સ્મારકોનો નાશ થવો જોઈએ. અગાઉ, મહારાષ્ટ્રની સતારા બેઠકના ભાજપના સાંસદ અને મરાઠા રાજા છત્રપતિ શિવાજી મહારાજના વંશજ ઉદયનરાજે ભોંસલેએ છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં સ્થિત ઔરંગઝેબની કબરને દૂર કરવાની માંગ કરી હતી. આ વિશે વાત કરતા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું - "આપણે બધા આ ઈચ્છીએ છીએ, પરંતુ તમારે તે કાયદાના દાયરામાં રહેવું પડશે, કારણ કે આ એક સંરક્ષિત સ્થળ છે. આ સ્થળ થોડા વર્ષો પહેલા કોંગ્રેસના શાસન દરમિયાન ASI ના રક્ષણ હેઠળ આપવામાં આવ્યું હતું.










સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા. ૧૪-૦૩-૨૦૨૫

## જિલ્લાની સોસાયટીઓમાં રહીશો દ્વારા ડી.જે., ભોજન સહિતની વ્યવસ્થાઓને અપાયો આખરી ઓપ

# અમરેલી જિલ્લામાં આજે ધુળેટીના પર્વને લઈ લોકોમાં અનેરો થનગનાટ

**જિલ્લાવાસીઓ એકબીજા પર અબીલ-ગુલાલ ફેંકી ધુળટીના પર્વની ઉજવણી કરશે**

અમરેલી,તા.૧૩

દેશભરમાં હાલ ધુળેટીના પાવન પર્વની ઉજવણી થઈ રહી છે ત્યારે અમરેલી જિલ્લામાં પણ આજે ધુળેટીના પર્વની ઉજવણી કરવામાં આવશે. પ્રાકૃતિક કલર અને પાણીના બચાવ સાથે ધુળેટીની ઉજવણી કરાશે. મહિલાઓ, પુરુષો, આબાલ-વૃદ્ધ સહુનો લોકપ્રિય તહેવાર ધુળેટી છે. પાણી બચાવવાના સંદેશ સાથે અમરેલીની સોસાયટીના રહીશો પ્રાકૃતિક કલરથી હોળી રમશે. જિલ્લાની અનેક સોસાયટીઓના રહીશો સૌ સાથે મળી ભોજન લેશે. ત્યારે આજે





અમરેલીના લોકો ભાઈચારાની ભાવનાથી રંગોના પાવન પર્વની રંગેચંગે ઉજવણી કરનાર છે. ધુળેટી એટલે રંગનો પર્વ કે જેમાં લોકો તમામ પ્રકારના ભેદભાવ ભૂલી લાગણીઓના સથવારે રંગોથી રમે છે. આ પર્વ સમગ્ર ભારતમાં ભારે આનંદપૂર્વક ઊજવવામાં આવે છે. અબીલ-ગુલાલ અને વિવિધ રંગો દ્વારા આકાશનાં મેઘધનુષ્યને જાણે પૃથ્વી પર ઉતાર્યું હોય તેવું વાતાવરણ સર્જાય છે. બગસરા વિવેકાનંદ સોસાયટીના રહીશ જયેશભાઈ પંડયાએ જણાવ્યું હતું કે અમારી સોસાયટીમાં તમામ તહેવારોની ઉજવણી હર્ષોલ્લાસથી કરવામાં આવે છે. આમ, આજે ધુળેટીના પર્વને લઈ જિલ્લાવાસીઓમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. અમરેલી જિલ્લામાં ભક્તિભાવપૂર્વક હોલીકા દહન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. લોકોએ હોલીકા દહનમાં મકાઈ, કપૂર, શ્રીફળ, ખજૂર, હારડો સહિતની વસ્તુની આહૂતિ આપી પ્રદક્ષિણા કરી હતી. હોળીની જાળને જોઈ આ વર્ષે ચોમાસું કેવું રહેશે તેનો પણ વર્તારો કરવામાં આવે છે.

# અમરાપુર ગામથી મોટા આંકડીયાની વચ્ચે બાઈક સ્લીપ થતાં યુવકનું મોત

વડીયા, તા.૧૩

વડીયાના અમરાપુરા ગામથી મોટા આંકડીયા વચ્ચે બાઈક સ્લીપ થતાં યુવકનું મોત થયું હતું. મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના અને હાલ આંબવા તાલુકાના હરદાસપુર બોરજાડ ગામે રહેતા પીયારસીંગ સુવરસીંગ છપનીયા (ઉ.વ.૨૩)એ જાહેર કર્યા મુજબ, તેમના ભાઈ માનસીંગ સુવરસીંગ છપનીયા બાઈક લઈને જતા હતા ત્યારે અમરાપુર ગામથી મોટા આંકડીયા વચ્ચે ખાળીયામાં ઉતરી જતાં માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં મોત નિપજ્યું હતું. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી ખનીજ માફિયાઓ સામે તંત્રની લાલ આંખ, ૩૫ લાખનો મુદ્દામાલ સીઝ

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લામાં ખાણ ખનીજ વિભાગ અને તાલુકા પોલીસની સંયુક્ત ટીમ દ્વારા ગેરકાયદેસર રેતીના ખનન અને પરિવહન સામે કાર્યવાહી કરવામાં આવી છે. ચાપાથળ રોડ પર સાદી રેતીના ગેરકાયદે સંગ્રહ અને વહન અંગે મળેલી ચોક્કસ બાતમીના આધારે અધિકારીઓએ દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન તંત્રએ ત્રણ ડમ્પર, એક ટ્રેક્ટર અને એક લોડર જપ્ત કર્યા છે. રોડ પરથી એક ડમ્પરમાં રેતી ભરેલી હોવાના કારણે



તેને પણ પકડી પાડવામાં આવ્યું છે. તંત્રએ અંદાજિત ૩૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ સીઝ કર્યો છે અને નિયમ મુજબ કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ખાણ ખનીજ વિભાગ દ્વારા ગેરકાયદેસર રેતી ખનન અને વહન પર અંકુશ લાવવા માટે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. અમરેલી જિલ્લામાં ખનીજ માફિયાઓ સામે કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે. અધિકારીઓએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંકળાયેલા તત્વો પર કાનૂની પગલાં લેવામાં આવશે.

# બગસરામાં શનિવારે લોહાણા મહાજન અને રઘુવીર સેના દ્વારા ત્રિવિધ કાર્યક્રમ યોજાશે

બગસરા, તા.૧૩

બગસરામાં લોહાણા મહાજન અને રઘુવીર સેના દ્વારા ત્રિવિધ કાર્યક્રમ ૧૫ માર્ચ-શનિવારના રોજ શ્રી લોહાણા મહાજન વાડી ખાતે યોજાશે. જેમાં સાંજે ૫ થી ૭ શ્રીયમુનાષ્ટકના પાઠ કરાશે. પછી બગસરાના સમસ્ત રઘુવંશી પરિવાર સાથે બેસી સમૂહપ્રસાદ (જ્ઞાતિ ભોજન) લેશે. ત્યારબાદ ફુલફાગ રસિયાનો કાર્યક્રમ બગસરા મોટી હવેલીના વૈષ્ણવાચાર્ય પૂ.પા. ગો.૧૦૮ શ્રીપ્રભુજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં યોજાશે. પૂ.પા. ગો.૧૦૮ શ્રીરાસેશ્વર બાવા તેમજ તેમની મંડળી દ્વારા ફુલફાગ રસિયાના કીર્તન કરાશે. આ ત્રિવિધ કાર્યક્રમનો લાભ લેવા લોહાણા મહાજન પ્રમુખ ભીખુભાઈ સેજપાલ અને રઘુવીર સેના પ્રમુખ મોહિત મસરાણીએ આમંત્રણ પાઠવ્યું છે.

## રાજુલા, બાઢડા અને ચલાલામાં પણ ચોરી કરી હોવાની કબૂલાત

# રાજયના વિવિધ જિલ્લાઓમાં થયેલી ચોરીનો ભેદ રાજુલા પોલીસે ઉકેલ્યો

અમરેલી,તા.૧૩

રાજુલા પોલીસે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં BSNL ટેલિફોન એક્સચેન્જમાં થયેલી ચોરીઓનો ભેદ ઉકેલ્યો છે. પોલીસે કુલ ૧૧,૫૯,૬૯૫ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. ૬ માર્ચ ૨૦૨૫ની રાત્રે રાજુલા BSNL કચેરીમાંથી સર્કિટ, BTS કાર્ડ અને કોપર વાયરની ચોરી



થઈ હતી. અમરેલી SP સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ PI એ.ડી. ચાવડાએ વિશેષ ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી. સર્વેલન્સ સ્કવોડે ટેકનિકલ સોર્સ આધારિત માહિતી, નેત્રમ કમાન્ડ કંટ્રોલ અમરેલી અને ત્રિનેત્રમ ગાંધીનગરની મદદથી શરૂઆતમાં ત્રણ આરોપીઓને ઝડપ્યા હતા. તેમની પૂછપરછમાં વધુ ત્રણ આરોપીઓના નામ ખૂલ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં જામનગરના અર્જુન રૂપેશ પરમાર, મેહુલ ઉર્ફે ઘુસો મુકેશ ચુડાસમા, ભરત ઉર્ફે પોચુ રાજેન્દ્ર મકવાણા, પંકેશ ઉર્ફે પંકજ મુકેશ ચુડાસમા, મુકેશ કાળા રાઠોડ અને એક સગીર વયનો છોકરો સામેલ છે. આરોપીઓએ રાજુલા, બાઢડા અને ચલાલા ખાતે ચોરી કર્યાની કબૂલાત કરી છે. પોલીસે તેમની પાસેથી ચોરીમાં વપરાયેલા વાહનો, સર્કિટ, BTS કાર્ડ અને કોપર કેબલ જપ્ત કર્યા છે. આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# ખાંભા ગીરના ગામડાઓમાં ૩.૨ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

**ભૂકંપના આંચકાથી લોકોમાં ભયનો માહોલ**

ખાંભા,તા.૧૩

ખાંભા ગીરના ગામડાઓમાં ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ગાંધીનગર સિસ્મોલોજી વિભાગના જણાવ્યા અનુસાર, સવારે ૧૦:૧૨ મિનિટે આવેલા આ



આંચકાની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૨ નોંધાઈ છે. વિભાગે પુષ્ટિ કરી છે કે, ભૂકંપનું કેન્દ્રબિંદુ અમરેલીથી ૪૪ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમ દિશામાં નોંધાયું છે. આ આંચકાની અસર ખાંભા તાલુકાના ભાડ, ઈંગોરાળા, નાના વિસાવદર અને નાની ધારી જેવા ગામોમાં અનુભવાઈ હતી. ચિંતાજનક બાબત એ છે કે, છેલ્લા એક મહિનામાં આ વિસ્તારમાં આ ત્રીજો ભૂકંપનો આંચકો નોંધાયો છે. જોકે, કોઈ જાનહાનિ કે માલહાનિના સમાચાર નથી.

# અમરેલીના મોણપુર ગામે પાક પરિસંવાદ કાર્યક્રમનું આયોજન, ખેડૂતોની ઉપસ્થિતિ

અમરેલી, તા.૧૩

મોણપુર ખાતે અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ ઈફકો અને અમરેલી જિલ્લા સહકારી સંઘના સંયુક્ત ઉપક્રમે ખેડૂતો માટે પાક પરિસંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં



અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, ઈફકોમાંથી પધારેલ પ્રતિકભાઈ રામાણી, ઈફકો આઈએમસીમાંથી પધારેલ દિવ્યાંગ પ્રજાપતિ અને મોણપુર સેવાસ હકારી મંડળી અને તાલુકા પંચાયતના સદસ્યના પ્રતિનિધિ કેશુભાઈ ધાનાણી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ખેડૂતોને રામાણીભાઈ દ્વારા નેનો યુરિયા અને નેનો ડીએપી વિશે માહિતગાર કર્યા હતા.

# જિ.પં. સભ્ય વિપુલ દુધાતે મનરેગાના કામોમાં ભ્રષ્ટાચાર મુદ્દે મુખ્યમંત્રીને પત્ર લખ્યો

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લા પંચાયતના સભ્ય વિપુલભાઈ એમ. દુધાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને એક પત્ર લખીને જિલ્લામાં મનરેગાના માલ મટીરિયલ સાથેના કામોમાં થયેલા ભ્રષ્ટાચારની તપાસની માગણી કરી છે. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા



ગ્રામીણ શ્રમિકોને રોજગારી મળે તે માટે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અમલમાં છે. જેમાં રોજગારી થાય તે રકમના ૪૦ ટકા માલ મટીરિયલ્સના કામો ગામડાના વિકાસ માટે ફાળવવામાં આવે છે. પરંતુ અમરેલી જિલ્લાના અલગ અલગ તાલુકામાં સને-૨૦૨૧ થી ૨૦૨૪ વચ્ચેના સમયગાળામાં જે કામો થયેલ છે તેની સામે ફકત એક-બે તાલુકાના અમુક ગામોમાં જ મટીરિયલ્સના કામો ફાળવામાં આવેલ છે અને જે એક-બે તાલુકાના અમુક ગામોમાં મટીરિયલ્સના કામો થયા તેમાં જવાબદાર અધિકારીઓએ જાણી જોઈ નિયમોને નેવે મૂકી ભ્રષ્ટાચાર કરવા માટે ફાળવેલ છે. આથી તેમાં રૂ. ૭થી ૮ કરોડનો ભ્રષ્ટાચાર થયાની લોક ચર્ચા છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ · શ્રેષ્ઠ ગ્રાહક સેવા · ગુણવતાયુકત કામ · પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ



મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# સાંસદ ભરત સુતરીયાએ સા.કુંડલા રેલવે સ્ટેશનના નવીનીકરણ કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યું

**અધિકારીઓ સાથે ચર્ચા કરી યોગ્ય સૂચનો કરાયા**



સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલા શહેરમાં રેલવે સ્ટેશનના નવીનીકરણની કામગીરીનું સ્થળ નિરીક્ષણ સાંસદ ભરતભાઈ સુતરીયા, સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા સહિત રાજકીય અગ્રણીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ ઉપસ્થિત અધિકારીઓ સાથે ચર્ચા કરી યોગ્ય સૂચનો પણ કરવામાં આવ્યા હતા. નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, શહેર ભાજપ પ્રમુખ અનિરુદ્ધસિંહ રાઠોડ, માર્કેટિંગ યાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણી, તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ ખાત્રાણી, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈ પંડ્યા, જીતુભાઈ ડેર, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, મહામંત્રી રાજેશભાઈ નાગ્રેચા, યુવા મોરચાના મંત્રી ભાવેશભાઈ વિકમા, નગરપાલિકા સદસ્ય કિશોરભાઈ બુહા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# તડીપારનો ભંગ કરવા બદલ ઈસમને ઝડપી પાડતી અમરેલી એલસીબી

**બગસરાનાં શખ્સ સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી**



અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લામાંથી ઘણા ઈસમોને ગુન્હાહિત પ્રવૃત્તિને ધ્યાને લઈ તડીપાર કરવામાં આવ્યા છે. જો કે આવા ઈસમોને પોલીસનો જાણે કોઈ ડર ન હોય તેમ ગમે ત્યારે અમરેલી જિલ્લામાં પ્રવેશ કરી તડીપારનો ભંગ કરતાં હોય છે. આવા ઈસમો સામે એસપી સંજય ખરાતની સૂચના અને માર્ગદર્શનથી તડીપાર થયેલ ઈસમો પર ધ્યાન રાખી તેમના વિરૂધ્ધ કાર્યવાહી કરવા જણાવતા એલસીબી પીઆઈ વી.એમ. કોલાદરાની ટીમ દ્વારા બગસરા સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટનાં હુકમથી દિનેશ દેવરાજભાઈ મણદુરીયા રહે. બગસરાવાળા શખ્સને તડીપાર કરવાનો હુકમ કરેલ હોવા છતાં આ શખ્સ અમરેલી જિલ્લામાં પ્રવેશ કરતા અમરેલી એલસીબીએ ઝડપી પાડ્યો હતો. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એચ. મીંગ વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયાની અમૃતબા વિદ્યાલય ખાતે ધો. ૧૨ મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્રનો આરંભ



લીલીયા, તા.૧૩

લીલીયાની અમૃતબા વિદ્યાલય ખાતે ધો. ૧૨ મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્રનો પ્રારંભ થયો હતો. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર તરફથી આ કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે. જ્યાં વિવિધ વિષયના પેપરની ચકાસણી કરવામાં આવી રહી છે.

# અમરેલીની ભરાડ સ્કૂલ ખાતે ભવ્ય વાર્ષિકોત્સવ ઉજવાયો





અમરેલી, તા.૧૩

શ્રીહરિ સેવા ટ્રસ્ટ સંચાલિત ભરાડ વિદ્યા સંકુલ અમરેલી ધરમનગર ખાતે વાર્ષિક ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ વખતની થીમ રાજકપૂર હતી. રાજકપૂરના ગીત પર બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતા. કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય ગુજરાત રાજ્યના નાયબ ઉપદંડક કૌશિકભાઈ વેકરીયાએ કર્યું હતું. આ પ્રસંગે વિવિધ મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમ પંકજભાઈ મહેતાની યાદીમાં જણાવાયું છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

ભીમસિંહજી કેસરસિંહજી પરમાર( નનકુભાઈ ) તા.૧૨/૦૩/૨૫નાં અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૧૫/૦૩/૨૫ શનિવાર સાંજના ૪ થી ૭ ચિત્તલ રોડ, દત્ત મંદિર ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

દક્ષાબેન જેન્તીલાલ ગોહિલ તે જેન્તીલાલ વિરજીભાઈ ગોહિલનાં પત્નીનું તા.૧૨નાં રોજ અવસાન થયું છે.

# અમરેલી આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતી પરિસંવાદ કાર્યક્રમ

અમરેલી તા.૧૩

અમરેલી આત્મા પ્રોજેક્ટ દ્વારા કુંકાવાવ-વડીયા તાલુકાના મોટી કુંકાવાવ અને રાજુલા તાલુકાના ડુંગર ખાતે પ્રાકૃતિક ખેતી પરિસંવાદ અને પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત આ કાર્યક્રમમાં કુંકાવાવ-વડીયા, અમરેલી, રાજુલા, જાફરાબાદ, સાવરકુંડલા તાલુકાના ખેડૂત ભાઈ-બહેનોને ખેતી વિષયક માહિતી આપવામાં આવી હતી.





AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS

Visit us at: voltasbeko.com | Follow us at | @Voltas Beko | Voltas Beko | Voltas Beko | Voltas Beko 24 X 7 Customer Care NO: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wfcare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy Online at: www.voltas.com

Visit us at www.myvoltas.com
To locate your nearest store, log on to : www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 455, 965069455
For product registration, SMS <WTA> to 9829525321
Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas, My Voltas, My Voltas, Voltas Limited, My Voltas

વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances

**એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન)** મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭

કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪


# મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ ધારી ખાતે ક્ષમતા વિકાસ કાર્યક્રમનો શુભારંભ




અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા ધારી ખાતે મંડળીઓના સભાસદો, કર્મચારીઓ અને હોદ્દેદારો માટે અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ તેમજ ગુજરાત પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ પંદર દિવસીય ક્ષમતા વિકાસ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના શુભારંભ પ્રસંગે અમરેલી જિલ્લા ભાજપ અધ્યક્ષ અતુલભાઈ કાનાણી, અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, ધારી માર્કેટિંગ યાર્ડના ચેરમેન રમણીકભાઈ સોજીત્રા, ઘનશ્યામભાઈ હિરપરા, ભરતભાઈ, મૃગેશભાઈ સહિતનાં હાજર રહ્યા હતા.


**સંકુલ ધો. ૧ થી ૫ ગુ.મી. સવાર - બપોર બન્ને શીફ્ટમાં**

- ★ સંકુલ ધો. ૧ થી ૫ ગુજરાતી મિડીયમ કન્યા કુમારની બપોરની સ્કૂલ ચાલુ રહેશે.
- ★ ધો. ૧ થી ૫ ગુજરાતી મિડીયમ કન્યા કુમારની સવારની સ્કૂલ પણ શરૂ થશે.
- ★ બપોર ની સ્કૂલનાં કન્યા કુમારને સવારની સ્કૂલમાં ટ્રાન્સફર થવાની છૂટ રહેશે.
- ★ જુન થી KG નાં કન્યા કુમાર ધો. ૧ સવાર OR ધો. ૧ બપોર માં જઈ શકશે.
- ★ જુન થી બહારનાં કન્યા કુમાર ધો. ૧ સવાર OR ધો. ૧ બપોર માં દાખલ થઈ શકશે.
- ★ પેરેન્ટ્સ ની અનુકુળતા માટે ધો. ૧ થી ૫ ગુ.મી. સવાર – બપોર બન્ને શીફ્ટમાં ચાલશે.

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:- શ્રીમતિશાંતાબેનહરિભાઈબજેરાશૈક્ષણિકસંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ,અમરેલી -Ad126


## નામ બદલાવેલ છે

આથી સોગંદપૂર્વક જણાવું છું કે, મારૂ જૂનું નામ **ભોજાણી કૌમેલઅલી મહમદઅલી** હતું, જે તેમાંથી બદલાવી નવું નામ **કોમેલ અલી મહમદ અલી ભોજાણી** રાખેલ છે. હવેથી **કોમેલ અલી મહમદ અલી ભોજાણી** નામથી ઓળખાઈશ તેની સર્વે એ નોંધ લેવી.
સરનામું :- જીવાબાવા ચોક, રાજુલા, જી.અમરેલી
પીન :- ૩૬૫૫૬૦ ગુજરાત


**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠકકર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૩૮/૨૦૨૫

અરજદાર: શ્રી સુબરાનીશા નુરૂશા ફકીર
સરનામુ: મું.મફત પ્લોટ વિસ્તાર,જાફરાબાદ તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી-જાફરાબાદ મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી સુબરાનીશા નુરૂશા ફકીર** એ તેમના **ભાઇ નામે શ્રી ઇકબાલશા નુરૂશા ફકીર નો જન્મ** તા.૦૭/૦૨/૧૯૮૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **ઉમેશભાઇ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૦/૦૩/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૫૧/૨૦૨૫

અરજદાર: શ્રી બચુભાઈ હમીરભાઈ સાંખટ
સરનામુ: મું.વડલી તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - વડલી મું.વડલી તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વડલી** ગામના **શ્રી બચુભાઇ હમીરભાઇ સાંખટ** એ તેમના **પુત્ર નામે શ્રી રવજીભાઇ બચુભાઇ સાંખટ નો જન્મ** તા.૧૬/૦૬/૨૦૦૬ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **ઉમેશભાઇ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૦/૦૩/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૨૩/૨૦૨૫

અરજદાર: શ્રી ભીખાભાઈ ભીમાભાઈ ખસીયા
સરનામુ: મું.લોઠપુર તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - લોઠપુર મું.લોઠપુર તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના લોઠપુર** ગામના **શ્રી ભીખાભાઇ ભીમાભાઇ ખસીયા** એ તેમના **પુત્ર નામે શ્રી પુનાભાઇ ભીખાભાઇ ખસીયા નો જન્મ** તા.૨૦/૦૪/૨૦૦૪ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **ઉમેશભાઇ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૦/૦૩/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૩૭/ ૨૦૨૫

અરજદાર: શ્રી અંગારીયા જરીનાબેન ઈકબાલભાઈ ડો/ઓ આલીભાઈ કુંડલીયા
સરનામુ: મું.નવધરા બજાર રાણપીર,જાફરાબાદ તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફીસરશ્રી-જાફરાબાદ મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી અંગારીયા જરીનાબેન ઇકબાલભાઇ ડો/ઓ આલીભાઇ કુંડલીયા** એ તેમના **બહેન નામે શ્રી બેબીબેન આલીભાઇ કુંડલીયા નો જન્મ** તા.૦૧/૦૧/૧૯૫૬ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **ઉમેશભાઇ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૦/૦૩/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# અમરેલીના લીલીયા રોડ પર વોકિંગ ટ્રેકનો નાશ, સ્થાનિકોમાં અસંતોષની લાગણી

અમરેલી,તા.૧૩

અમરેલી શહેરના લીલીયા રોડ પર આવેલો વોકિંગ ટ્રેકનો સંપૂર્ણપણે નાશ કરવામાં આવ્યો છે, જેને લઈ સ્થાનિકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. આ વિસ્તારના રહીશો માટે આરોગ્યપ્રદ જીવનશૈલીનું પ્રેરણાસ્થાન બનેલો આ ટ્રેક હવે નષ્ટ થઈ ચૂક્યો છે. આ સોસાયટીઓના રહીશોનું કહેવું છે કે આ વિસ્તારમાં આવેલી



રેલવે લાઈન ઉપર ગરનાળુ બાંધવામાં આવી રહ્યું છે, જેના કારણે આસપાસની ૨૦ થી ૨૫ સોસાયટીના લોકોને તેમની રોજિંદી અવરજવર માટે મુશ્કેલી સર્જાઈ છે. હજી સુધી આ સમસ્યાનો કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી, જેથી લોકો વધુ મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. આ મુદ્દાને લઈને અમરેલી શહેર કોંગ્રેસ પ્રમુખ સંદીપ પંડ્યાએ જણાવ્યું કે, શહેરના વિકાસ માટે જરૂરી હોય ત્યારે પર્યાવરણ અને જનતાની સુખાકારીને પ્રાથમિકતા આપવામાં આવવી જોઈએ પરંતુ તંત્ર દ્વારા આ મુદ્દે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો સ્થાનિક લોકો આ અંગે ઉગ્ર પ્રદર્શન કરશે તેવી ચિમકી આપવામાં આવી છે.

# ચિતલથી રાંઢીયા જવાના રસ્તે વિદેશી દારૂની બોટલ સાથે પરપ્રાંતીય શખ્સ ઝડપાયો

**પોલીસે ૪૬ નંગ વિદેશી દારૂની બોટલ મળી કુલ રૂ.૩.૧૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લામાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે. પોલીસની બુટલેગરો સામે કડક કાર્યવાહી હોવા છતાં બુટલેગરો બેફામ વિદેશી દારૂનું વેચાણ કરી રહ્યા છે. અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે દારૂના દુષણને નાબૂદ કરવા પોલીસને સૂચના આપી હતી. જિલ્લા પોલીસ વડાની સૂચના અન્વયે અમરેલી એલસીબી પીઆઈ વી.એમ.કોલાદરાની ટીમ



પેટ્રોલિંગમાં હતી ત્યારે ચિતલ થી રાંઢીયા ગામે જવાના રસ્તે એક ઈસમને તુફાન ગાડીમાં દારૂની હેરફેર કરતા ઝડપી પાડ્યો હતો. પોલીસે ઈસમની પૂછપરછ કરતા તેમણે પોતાનું નામ નારણ જોહરીલાલ મોહનીયા રહે.કાલવટ જિલ્લો અલીરાજપુર (મધ્યપ્રદેશ) જણાવ્યું હતું. પોલીસે આરોપી પાસેથી ૪૬ નંગ વિદેશી દારૂની બોટલ, મોબાઈલ ફોન, તુફાન ગાડી મળી રૂ.૩.૧૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# લીલીયા ક્રેડિટ કો. ઓપરેટીવ મંડળીનાં ચેક રીટર્ન કેસમાં ત્રણ આરોપીનો નિર્દોષ છૂટકારો

લીલીયા, તા.૧૩

લીલીયા મોટા ખાતે આવેલ ક્રેડિટ કોં.ઓ.સોસાયટી.લી ના મેનેજીંગ ડિરેકટર દ્વારા આરોપી વિરુદ્ધ ચેક રીટર્નનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કરાયો છે. લીલીયા મોટા શહેરમાં આવેલ ક્રેડિટ કો. ઓપરેટિવ સોસાયટીના મેનેજીંગ ડિરેકટર દ્વારા આરોપી વિપુલભાઈ ભીખાભાઈ ધોરાજીયા, રહે. બોડિયા રૂા.૬૩૨૧૪/-, કિરણબેન વિપુલભાઈ ધોરાજીયા રહે.બોડિયા રૂા. ૬૧૭૪૭૯/- તેમજ ભીખાભાઈ માયાભાઈ ધોરાજીયા રહે.બોડિયા રૂા.૬૩૨૧૬૪ના ચેક રીટર્નની ફરિયાદ કરવામાં આવેલ હતી. જે કેસ લીલીયાની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટમાં ચાલી જતા એડવોકેટ હાર્દિક બી.જોષીની ધારદાર દલીલો માન્ય રાખી કોર્ટે વિપુલભાઈ ભીખાભાઈ ધોરાજીયા, કિરણબેન વિપુલભાઈ ધોરાજીયા તથા ભીખાભાઈ માયાભાઈ ધોરાજીયાને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

# મોટા લીલીયામાં 'તું ગામમાં કેમ મારી વાતો કરે છે' કહેતા કુટુંબીજનોમાં બબાલ થઈ

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

લીલીયા, તા.૧૩

મોટા લીલીયામાં 'તું ગામમાં કેમ મારી વાતો કરે છે' તેમ કહેતા કુટુંબીજનોમાં બબાલ થઈ હતી. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગે અવિનાશભાઈ ઉર્ફે બલ્લુ રમેશભાઈ વણોદિયા (ઉ.વ.૩૫)એ અજયભાઈ રાજુભાઈ વણોદિયા, મનિષભાઈ રાજુભાઈ વણોદિયા, રવિભાઈ નનુભાઈ વણોદિયા તથા કેતનભાઈ કાળુભાઈ વણોદિયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે અજયભાઈને કહેલ કે 'મારે મજૂરીમાં સારૂ થઈ ગયેલ છે તેવી ગામમાં તું કેમ મારી વાતો કરે છે.' જેથી તેને સારું ન લગતા ગાળાગાળી કરી હતી. ઉપરાંત ઢીકાપાટુ વડે માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ અજયભાઈ રાજુભાઈ વણોદિયા (ઉ.વ.૩૦)એ અવિનાશભાઈ ઉર્ફે બલ્લુ વણોદિયા, વિષ્ણુ ઉર્ફે દિપક વણોદિયા તથા રાહુલ નટુભાઈ વણોદિયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ અવિનાશભાઈના ઘર પાસે નીકળતાં તેમણે 'તું કેમ ગામમાં મારી વાતો કરે છે' તેમ કહેતા ગાળાગાળી થઈ હતી. જે વાતનું મનદુઃખ રાખી ઢીકાપાટુ વડે માર મારી કપાળે લાકડી વડે ઈજા કરી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ગૌતમભાઈ વલકુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા શહેરમાં પ્રાથમિક કન્યા શાળાની વિદ્યાર્થિનીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું

સાવરકુંડલા,તા.૧૩

સાવરકુંડલા શહેરમાં મણીભાઈ ચોક વિસ્તારની સરકારી પ્રાથમિક કન્યા શાળા નંબર બે ખાતે હોળી ફાગ તથા



સાવરકુંડલા અર્બન હેલ્થ સેન્ટર - ૧ અને - ૨ દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત આજે ધોરણ ૬ થી ૮ની ૨૦૦ વિદ્યાર્થિનીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવેલ હતું. આ ઉપરાંત ત્રણ થી પાંચ ધોરણની વિદ્યાર્થિનીઓએ હોળીના આગલા દિવસે ફાગ ખેલ્યો હતો. સૌએ કોઈપણ પ્રકારના નાત, જાતના, ધર્મના ભેદભાવ ભૂલીને એકબીજાને ગળે લગાવી, રંગ ગુલાલ લગાવી તહેવારની ઉજવણી કરી હતી.

# રાજુલાના વાવેરા ગામે પ્રેમલગ્નના મનદુઃખમાં જામી : બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી

રાજુલા, તા.૧૩

રાજુલાના વાવેરા ગામે પ્રેમલગ્નના મનદુઃખમાં બે પક્ષોમાં બબાલ થઈ હતી. બંને પક્ષોએ એકબીજા સામે જાનથી મારી નાખવાની ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગે હાલ સુરતના કાપોદ્રામાં રહેતા અને મૂળ સાવરકુંડલાના ખોડીયાણા ગામના અશોકભાઈ ભીખાભાઈ રાઠોડ (ઉ.વ.૪૯) એ રાજુલાના વાવેરા ગામે રહેતા રાજુભાઈ રામભાઈ ચુડાસમા, વિનુભાઈ રામભાઈ ચુડાસમા, જગદિશભાઈ રામભાઈ ચુડાસમા તથા ભગવાનભાઈ રામભાઈ ચુડાસમા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના દીકરાએ વિનુભાઈ ચુડાસમાની દીકરી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. તેઓ તથા તેમના પિતા બન્ને વાવેરા ગામે તેમના ઘરે જમવા માટે ગયેલા હતા ત્યારે બોલાચાલી થતા આરોપીએ શરીરે જેમ ફાવે તેમ માર માર્યો હતો. તેમજ ઢીકાપાટુ વડે શરીરે આડેધડ માર મારીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ વિનુભાઈ રામભાઈ ચુડાસમા (ઉ.વ.૫૦)એ અશોકભાઈ ભીખાભાઈ રાઠોડ તથા ભીખાભાઈ પ્રેમજીભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની દીકરીએ કરેલા પ્રેમલગ્નને લઈ ઘરેમેળે સમાધાન થઈ ગયું હતું. આરોપી તેમના ઘરે જમવા આવતાં તેમની દીકરીને તેડવા મુદ્દે બોલાચાલી થઈ હતી. તેમજ ગાળો આપી, ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.વી. સમા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં હિટવેવને લઈ ઓઆરએસ, આઈસપેક સહિતનો જથ્થો ઉપલબ્ધ રાખવા નિર્ણય

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લામાં હિટવેવને પગલે આરોગ્ય કેન્દ્રોમાં દવાઓનો પૂરતો જથ્થો, ઓઆરએસ અને આઈસપેક સહિતની જરૂરી સામગ્રીનો જથ્થો ઉપલબ્ધ રાખવા માટે ક્લાઈટમેટ ચેઈન્જ એન્ડ હ્યુમન હેલ્થ ટાસ્ક ફોર્સની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાના અધ્યક્ષ સ્થાને ક્લાઈમેટ ચેઈન્જ એન્ડ હ્યુમન હેલ્થ ટાસ્ક ફોર્સની બેઠક મળી હતી. બેઠકમાં ઉનાળામાં હિટવેવ દરમિયાન લેવાના થતા પગલા અંગે સૂચનો આપવામાં આવ્યા હતા. તેમજ લૂ લાગવાના કિસ્સાઓ અંગે અગમચેતીના પગલા લેવા તાકીદ કરી હતી. ઉપરાંત ઉનાળો અને ચોમાસામાં વિવિધ શાખાઓને કરવાની થતી કામગીરી અંગે જિલ્લા વિકાસ અધિકારીએ દિશાનિર્દેશ આપ્યા હતા. અમરેલી જિલ્લામાં સતત તાપમાનનો પારો વધી રહ્યો છે. હિટવેવની આગાહી કરવામાં આવી છે. આવી સ્થિતિ વચ્ચે હવે વહિવટી તંત્ર પણ લોકોને હિટવેવથી બચાવવા માટે તૈયારીઓમાં લાગી ગયું છે. અમરેલીમાં મળેલી જિલ્લાકક્ષાની બેઠકમાં હિટવેવથી લોકોને બચાવવા અંગે જિલ્લાના તમામ આરોગ્ય કેન્દ્રોમાં દવાઓનો પુરતો જથ્થો, ઓઆરએસ, આઈસપેક સહિતની સામગ્રીનો જથ્થો ઉપલબ્ધ રાખવા માટે નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં આરોગ્ય, ખેતીવાડી, પશુપાલન, ખોરાક અને ઔષધ નિયત્રંણ, આપત્તિ વ્યવસ્થાપન સહિતના વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ પૂનમ
તા. ૧૪-૦૩-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૩૨,
સૂર્યાસ્ત-૦૬:૨૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ઉત્તર ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

**તા.૧૪-૦૩-૨૦૨૫ શુક્રવાર**

મેષઃ આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે.

વૃષભઃ આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.

મિથુનઃ આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.

કર્કઃ આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણ વિકાર ઊભા થઇ શકે છે.

સિંહઃ આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે.

કન્યાઃ આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. કોઇ શુભ કાર્યની ચર્ચા થઇ શકે છે.

તુલાઃ આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો.

વૃશ્ચિકઃ આજનો દિવસ લાભકારી સાબિત થઇ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે.

ધનઃ આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકરઃ આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે.

કુંભઃ આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો.

મીનઃ આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ.

# રાજુલામાં બોગસ તબીબ ઝડપાયો, પોલીસે રૂા.૧૮,૧૧૩નો મુદ્દામાલ જપ્ત કર્યો

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લામાં બોગસ તબીબોનો રાફડો ફાટ્યો છે. એસઓજીના પીઆઈ આર.ડી. ચૌધરીની ટીમને ખાનગી બાતમી મળી હતી. આ બાતમીના આધારે રાજુલા રોડ પર આવેલી એક ભાડાની દુકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. મેડિકલ ઓફિસરની ટીમ સાથે કરવામાં



આવેલી રેડમાં એલોપેથિક દવાઓ અને મેડિકલ સાધનો મળી આવ્યા હતા. આરોપી હરેરામ હરદેવભાઈ શાહની ધરપકડ કરવામાં આવી છે. તે મૂળ ઉત્તરપ્રદેશનો રહેવાસી છે અને કોવાયા ગામ નજીક નામ વગરનું ક્લિનિક ચલાવતો હતો. પોલીસે આરોપી પાસેથી દવાઓ અને મેડિકલ સાધનો સહિત કુલ રૂ. ૧૮,૧૧૩નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

# જુનાસાવર ગામે અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંકમાં આગ લાગી, તમામ રેકર્ડ સુરક્ષિત

અમરેલી,તા.૧૩

સાવરકુંડલા તાલુકાના જુનાસાવર ગામની મધ્યસ્થ સહકારી બેંકમાં વહેલી સવારે આગ લાગવાની ઘટના બની છે. શોર્ટ સર્કિટના કારણે લાગેલી આગમાં બેન્કનું ફર્નિચર, એ.સી. પંખા અને કોમ્પ્યુટર સહિતની મશીનરી બળીને ખાખ થઈ ગઈ છે. ઘટનાની જાણ થતાં સાવરકુંડલા નગરપાલિકાની ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે



પહોંચી હતી. ફાયર ટીમે પાણીનો મારો ચલાવીને આગને કાબૂમાં લીધી હતી. રાહતની વાત એ છે કે બેંકની તિજોરી અન્ય રૂમમાં હોવાથી સુરક્ષિત રહી છે. બેન્કમાં તમામ રેકર્ડ સુરક્ષિત રહેલ છે. તેમ બેન્કના જનરલ મેનેજર બી.એસ. કોઠીયાની યાદીમાં જણાવાયુ છે.

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//-

અપીલ અરજી નં.૧૯/૨૦૨૫

**અરજદાર :-** શ્રી કરીમભાઈ સુલેમાનભાઈ સોલંકી,
રહે.ચાંદનીચોક, સવજીપરા,
તા/જી-અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી તા/જી-અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં કરીમભાઈ સુલમાનભાઈ સોલંકી, તેમના મોટા બહેનશ્રી હાજુબેન મુસાભાઈ પરમારની મરણ (તા.૧૭/૧૦/૧૯૮૧)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૭/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(જી.જી.બાવીસા)**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૧/૨૦૨૫ — તા.૦૧/૦૩/૨૦૨૫

અરજદારશ્રીઃ- .. ૧.બોઘરા ક્રિષ્ના ધર્મેશભાઈ
રહે. ૫૯-૬૦, દિવાળી નગર, રાધા ક્રિષ્ના મંદીર પાસે, લંબે હનુમાન રોડ,
ચોરાસી, બોમ્બે માર્કેટ, સુરત-૩૯૫૦૧૦

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી જુના સાવર, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી **બોઘરા ક્રિષ્ના ધર્મેશભાઇનો જન્મ તા.૧૩/૦૬/૨૦૦૧** ના રોજ મુ.જુના સાવર, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૨૧/ ૨૦૨૫

અરજદારઃ શ્રી અરવીંદભાઈ દુલાભાઈ બલદાણીયા
સરનામુઃ મું.લોર તા.જાફરાબાદ જી અમરેલી
હાલ રહે.૭૨ ન્યુ સારોલી નગરી સોસાયટી કડોદરા રોડ ,સારોલી સુરત-૩૯૫૦૧૦

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - લોર
મું.લોર તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના લોર** ગામના **શ્રી અરવીંદભાઇ દુલાભાઇ બલદાણીયા** એ તેમના **માતા નામે શ્રી ચતુરાબેન દુલાભાઇ બલદાણીયા નું મરણ** તા.૦૧/૦૮/૨૦૦૩ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **ઉમેશભાઇ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૧૦/૦૩/૨૦૨૫**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

તંત્રી લેખ

# અણધારી આફત હાર્ટ એટેક

જિંદગી અને મોત વચ્ચેનો ફાંસલો માત્ર થોડી સેકન્ડનો છે. જે રીતે ધરતીકંપ આવે અને તબાહી સર્જાઈ જાય એ જ રીતે હાર્ટ એટેક આવે એને માણસ ઢળી પડે. આવું અચાનક બને છે. હાર્ટ ફેલ થવાના અચાનક વધી રહેલા કેસોએ મેડિકલ ક્ષેત્રનું ધ્યાન ખેંચ્યું છે. આ એવી સ્થિતિ છે જ્યારે હૃદય શરીરની જરૂરિયાતને પૂરી કરવા માટે પર્યાપ્ત લોહી કે ઑક્સિજન પહોંચાડી શકતું નથી. આના કારણે આપણા દેશમાં હૃદય રોગો વધતા જાય છે હાર્ટ એટેકના કારણે દર મહિને અનેક લોકો અકાળે જિંદગી ગુમાવે છે. માત્ર ભારતમાં જ નહિ પરંતુ દેશ-વિદેશમાં અને ખાસ કરીને અમેરિકામાં તેનાથી થનારાં મોત સતત વધ્યાં છે. મેદસ્વીતા, ડાયાબિટીસ તેમજ હાઈ બ્લડપ્રેશર તેનાં મુખ્ય કારણો છે. હાર્ટ ફેલ થવાના ઘણા કારણો હોઈ શકે છે, જેમાં નીચેના મુખ્ય કારણોનો સમાવેશ થાય છે. લાંબા સમય સુધી હાઈ બ્લડ પ્રેશર હૃદયને નબળું પાડી શકે છે, જેના કારણે હાર્ટ ફેલ થઈ શકે છે. હૃદયની ધમનીઓમાં બ્લોકેજ થવાથી હૃદયના સ્નાયુઓને ઓક્સિજન અને પોષક તત્વોનો પુરવઠો ઘટી જાય છે, જેના કારણે હાર્ટ ફેલ થઈ શકે છે. હાર્ટ એટેક દરમિયાન હૃદયના સ્નાયુઓને નુકસાન થાય છે, જેના કારણે હૃદયની કાર્યક્ષમતા ઘટી જાય છે અને હાર્ટ ફેલ થઈ શકે છે. હૃદયના વાલ્વમાં ખામી થવાથી લોહીનો પ્રવાહ અવરોધાય છે, જેના કારણે હૃદય પર વધુ દબાણ આવે છે અને હાર્ટ ફેલ થઈ શકે છે. હૃદયના સ્નાયુઓની માંદગી હૃદયને નબળું પાડી શકે છે અને હાર્ટ ફેલનું કારણ બની શકે છે. જન્મથી જ હૃદયની ખામીઓ હોવાથી હૃદય પર વધુ દબાણ આવે છે અને હાર્ટ ફેલ થઈ શકે છે. ડાયાબિટીસ હૃદયના સ્નાયુઓને નુકસાન પહોંચાડી શકે છે અને હાર્ટ ફેલનું જોખમ વધારે છે. ફેફસાના રોગો હૃદય પર વધુ દબાણ લાવી શકે છે અને હાર્ટ ફેલનું કારણ બની શકે છે. વધુ પડતો દારૂ પીવો, દવાઓનો દુરૂપયોગ, થાઈરોઈડની સમસ્યાઓ અને કિડનીની બીમારીઓ પણ હાર્ટ ફેલનું કારણ બની શકે છે. જો તમને હાર્ટ ફેલના લક્ષણો જોવા મળે, તો તરત જ ડૉક્ટરની સલાહ લેવી જોઈએ. અમેરિકાના સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રીવેન્શનના ડૉ. જેનેટ રાઈટ અનુસાર હાર્ટ ફેલ્યોરની સારવાર માટે દવાઓ છે, પરંતુ તેનો વધુ ઉપયોગ થતો નથી. પરીક્ષણો અનુસાર જે સારવાર કારગર છે તે અંગે લોકોને સમયસર માહિતી અપાતી નથી. લૉસ એન્જલસમાં કાર્ડિયોલોજીના પ્રોફેસર ડૉ. મિશેલ કિટલસન અનુસાર હાર્ટ ફેલ્યોરની સારવારમાં ડૉક્ટરોને સફળતા મળી છે. વિજ્ઞાનીઓએ એવી કારગર સારવાર શોધી છે જેનાથી દર્દીઓ સારું અનુભવે છે, લાંબા સમય સુધી જીવિત રહે છે અને દાખલ થવાની પણ જરૂર પડતી નથી. આ દવાઓ હૃદયના કામના દબાણને ઘટાડે છે, બ્લડપ્રેશર ઘટાડે છે તેમજ શરીરને વધુ સોડિયમ અને પાણીથી છુટકારો મેળવવા માટે મદદ કરે છે. તેની સાથે જ બ્લડ ગ્લુકોઝના સ્તરને પણ ઘટાડવામાં મદદરૂપ થાય છે. ડૉ. કિટલસન અનુસાર સોડિયમ ગ્લુકોઝ કોન્ટ્રાસપોર્ટર ૨ નામની દવા મૃત્યુદરને ઘટાડવામાં કારગર છે. જ્યારે ફાઈનરેનોન નામની દવા પણ મૃત્યુદરને ઘટાડી શકે છે. વજન ઘટાડનારી દવા સેમાગ્લુટાઈડ અને ટિરઝેપટાઈડ પણ હાર્ટ ફેલ્યોરની આશંકા ઘટાડે છે અને આ સ્થિતિવાળા લોકોની ચાલવાની ક્ષમતા વધારે છે. નૉર્થ-વેસ્ટર્ન યુનિવર્સિટીના ફીનબર્ગ સ્કૂલ ઑફ મેડિસિનના પ્રિવેન્ટિવ કાર્ડિયોલૉજિસ્ટ ડૉ. સાદિયા ખાન અનુસાર આ દવાઓ ખર્ચાળ છે. હાર્ટ ફેલની સચોટ સારવારની તપાસ ચાલુ છે. ખર્ચ ઘટાડતી જેનરિક મેડિસિન પર પણ કામ થવું જોઈએ. નિષ્ણાંત ડોક્ટરોના મત અનુસાર હાર્ટ ફેઈલથી થનારા મોતથી બચવાનો ઉપાય જનજાગૃતિ છે. યોગ્ય સારવાર સમયસર લેવાથી લોકો લાંબુ આયુષ્ય ભોગવી શકે છે. ખાસ કરીને જે લોકો નિયમિત રીતે મેડીટેશન કરે છે, સૂર્યનમસ્કાર કરે છે. તો તેનું મન શાંત રહે છે. જે માનસિક તણાવથી દૂર રહે છે તે ચોક્કસ બચી શકે છે. આ ઉપરાંત ખાવા પીવામાં વધુ કાળજી રાખનાર અને કુદરતની જે નજીક છે તેને હૃદય સંબંધી રોગોનો સામનો કરવો પડતો નથી.

# સૌરાષ્ટ્રના સમુદ્ર કિનારે બાયોડીઝલના મેગા પ્લાન્ટ સ્થાપી વિકાસના સપના સાકાર કરો



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

સમુદ્રી શેવાળમાંથી ડીઝલ બનાવવું એ એક આશાસ્પદ અને ઉભરતી ટેકનોલોજી છે, જે પરંપરાગત અશ્મિભૂત ઈંધણના વિકલ્પ તરીકે જોવામાં આવે છે. સમુદ્રી શેવાળ એ ઝડપથી વિકસતી વનસ્પતિ છે જે પ્રકાશસંશ્લેષણ દ્વારા તેલ ઉત્પન્ન કરે છે. આ તેલને બાયોડીઝલમાં રૂપાંતરિત કરી શકાય છે, જે પરંપરાગત ડીઝલ જેવા જ ગુણધર્મો ધરાવે છે. સમુદ્રી શેવાળમાંથી ડીઝલ બનાવવાના કેટલાક ફાયદા આ મુજબ છે પર્યાવરણ માટે ફાયદાકારક છે. કારણ કે આવા ડીઝલથી હવામાન કાર્બન ડાયોક્સાઈડ અને કાર્બન મોનોક્સાઈડ જેવા ઝેરી વાયુ પ્રદૂષણ ફેલાતું નથી આથી આ પ્રકારે ઈકો ફ્રેન્ડલી છે. તેને ગ્રીન ઈંધણ પણ કહી શકાય. આનો ઉપયોગ કરવાથી પર્યાવરણનું જતન થાય છે. સાથોસાથ ભાવનગર જિલ્લાના સમુદ્ર કિનારે થતી શેવાળનો સદઉપયોગ થઈ શકે છે. આના કારણે આ વિસ્તારમાં રોજગારીની તકો પણ વધશે. પોરબંદર વિસ્તારમાં આ રીતના પ્રયોગો ચાલી રહ્યા છે. સમુદ્રી શેવાળ કાર્બન ડાયોક્સાઈડને શોષી લે છે, જે ગ્રીનહાઉસ ગેસ છે. આથી, સમુદ્રી શેવાળમાંથી ડીઝલ બનાવવાથી વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ઘટાડી શકાય છે. પુન:પ્રાપ્ય સ્ત્રોત આપણો ખંભાતનો અખાત છે. અહીં કુદરતી રીતે જ શેવાળ બને છે. શેવાળની ખેતી પણ થઈ શકે છે. સમુદ્રી શેવાળ ઝડપથી વધે છે અને તેને સરળતાથી ઉગાડી શકાય છે. આથી, તે ડીઝલ માટે પુન:પ્રાપ્ય સ્ત્રોત છે. શેવાળનો સૌથી મોટો ફાયદો એ છે કે આ ખેતી માટે ખેતરાવ કે બિનખેતરાવ જમીનનો ઉપયોગ થતો નથી. વેસ્ટ લેન્ડનો ઉપયોગ થતો નથી પરંતુ તે પાણીની સપાટી ઉપર જ થાય છે. આમાં પાણીનો પણ ઉપયોગ થતો નથી. સિંચાઈ માટેનું પાણી બચે છે. સમુદ્રી શેવાળને જમીન પર ઉગાડવાની જરૂર નથી, તેથી તે જમીન અને પાણીનો ઓછો ઉપયોગ કરે છે. અને સૌથી મોટો ફાયદો મોટા પ્રમાણમાં તેલ ઉત્પાદનનો છે. મતલબ કે સમુદ્રી શેવાળ અન્ય પાકોની તુલનામાં વધુ તેલ ઉત્પન્ન કરે છે. જો કે, સમુદ્રી શેવાળમાંથી ડીઝલ બનાવવાના કેટલાક પડકારો પણ છે. આટલા બધા ફાયદા હોવા છતાં સમુદ્રી સેવા શેવાળ માટે ડીઝલ બનાવવું એક પડકારરૂપ કામ છે, મુશ્કેલ કામ છે. તેમાં અનેક પ્રકારની ટેકનીકલ મુશ્કેલીઓ છે. પરંતુ તેને નિવારવાના સંશોધનો ભાવનગરની સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ રિસર્ચ ઈન્સ્ટિટયૂટમાં ચાલી રહ્યા છે. શેવાળમાંથી ડીઝલ બનાવવાનો ખર્ચો વધુ આવે છે આ એક મોટો ડ્રોબેક છે તેને મિનિમાઈઝ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ઉત્પાદન ખર્ચ ઘટાડવા માટેના સંશોધનો થાય છે અને તેમાં ધીમે ધીમે સફળતા પણ મળતી જાય છે ભારતીય વૈજ્ઞાનિકો ખાસ કરીને ભાવનગરના વૈજ્ઞાનિકોની આ એક અનોખી સિદ્ધિ ગણાશે. સમુદ્રી શેવાળમાંથી ડીઝલ બનાવવા માટે વધુ કાર્યક્ષમ ટેકનોલોજી વિકસાવવાની જરૂર છે. આજે નાના પાયા પર આ કાર્ય ચાલી રહ્યું છે તેને લાર્જ સ્કેલ પર વિકસિત કરવાની જરૂર છે જેથી આપણો દેશ ઉર્જા ક્ષેત્રે સ્વાવલંબી બની શકે. આ માટે મોટા પાયે સમુદ્રી શેવાળ ઉગાડવા અને તેમાંથી ડીઝલ બનાવવા માટે વધુ સંશોધનની જરૂર છે. સંશોધકો આ પડકારોને દૂર કરવા અને સમુદ્રી શેવાળમાંથી ડીઝલ બનાવવાની ટેકનોલોજીને વધુ કાર્યક્ષમ બનાવવા માટે કામ કરી રહ્યા છે. ભવિષ્યમાં, સમુદ્રી શેવાળ ડીઝલ માટે એક મહત્વપૂર્ણ સ્ત્રોત બની શકે છે. ઉર્જા સમસ્યા દિવસે દિવસે ઘેરી બની રહી છે. આવા સંજોગોમાં સમુદ્રી શેવાળમાંથી ડીઝલ કાઢવાનો પ્રયોગ ભાવનગરની સંશોધન સંસ્થા સેન્ટ્રલ સોલ્ટ રિચર્સ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યો. આ વનસ્પતિજન્ય ડીઝલને "બી ૧૦૦ માઈક્રોઆલ્ગર ડીઝલ" નામ આપવામાં આવ્યું છે. આ ડીઝલ દિલ્હીમાં ટેસ્ટ રાઈડ છે. વનસ્પતિજન્ય ડીઝલ બનાવવાના અનેક અખતરા આ પહેલાં થઈ ચુકયા છે. આમાં ડીઝલ તો બને જ છે. પરંતુ તે સરવાળે મોંઘુ પડે છે. બનાવવામાં સફળતા મળી છે. તે પણ સસ્તુ નથી આમ છતાં વૈજ્ઞાનિકોને વિશ્વાસ છે કે આજે નહીં તો કાલે સસ્તુ ડીઝલ બનાવવાની ટેકનોલોજી હાથવગી બનશે જ. આ અગાઉ સમુદ્ર કિનારા પર ઉગતી જોજોબા નામની વનસ્પતિમાંથી ડીઝલ બનાવવામાં આવ્યું હતું. રતનજયોત પણ આ વર્ગની જ વનસ્પતિ છે. જેમાંથી સફળતા પૂર્વક ડીઝલ બનાવવાના પ્રયોગો થયા છે. હાલમાં સમુદ્રની માઈક્રોઆલ્ગીમાંથી ડીઝલ બનાવવામાં સફળતા મળી છે. આપણા સમુદ્ર કિનારા પર અને અનેક પ્રકારની વનસ્પતિ આપમેળે ઉગે છે. જેના પર ભાવનગરમાં વ્યાપક સંશોધન થઈ રહ્યું છે. જોજોબા જેવી વનસ્પતિ વાવવામાં આવે તો એનાથી આપણા ભાવનગરના વેરાન સમુદ્ર કિનારા પર હરિયાળી છવાઈ જશે અને જેને રોજગારી નથી મળતી એવા અનેક પરિવારોને રોજગારી મળશે. અલબત્ત જોજોબા અથવા રતનજયોતના છોડવાને ઉછેરવા ખેડ ખાતર પાણીની બહુ જરૂર પડતી નથી. એટલી માવજતની જરૂર પડતી નથી. પરંતુ જયારે જોજોબાના બીયા તૈયાર થાય ત્યારે તેને પેકીંગ કરી, માર્કેટીંગ કરવાથી માંડી તેના એકસ્પીલર પ્લાન્ટના એગ્રો. ઈન્ડસ્ટ્રીઝ ઉભી થઈ શકે અને એની રોજગારીની તકો ઉભી કરી શકાય. ઘોઘા-હાથબ, મીઠી વીરડી-સરતાનપરથી માંડી ગોપનાથ સુધીના કિનારાના નિર્જન વિસ્તારોમાં બાયોડીઝલના પ્લાન્ટેશન ઉભા થઈ શકે. આમ આપણા સમુદ્ર કિનારે બાયો-ડીઝલના પ્લાન્ટેશન તથા તેને લગતાં ઉદ્યોગો ઉભા થઈ શકે. આ માટે આ વિસ્તારમાં ઈકોકલબની સ્થાપના કરવી જરૂરી છે. માત્ર પર્યાવરણના જતન કરવાથી કામ સરવાનું નથી. પર્યાવરણની સાથોસાથ આ વિસ્તારમાં રહેતાં ગરીબોને રોજગારી મળે તે એટલું જ જરૂરી છે. આપણા કોળીયાક-ખડસલિયા વિસ્તારમાં લિગ્નાઈટ ખનનની સાથે પાવર પ્લાન્ટ થયો છે. ત્યારે આ વિસ્તારમાં પર્યાવરણનું જતન થાય, હરિયાળી વધે તેવા પ્રયાસો અત્યારથી હાથ ધરાવા જોઈએ. ગુજરાત સરકારના પર્યાવરણ વિભાગ તથા ગીર ફાઉન્ડેશન દ્વારા આ વિસ્તારની શાળાઓમાં ઈકો કલબની સ્થાપના થાય અને લોકોમાં બાળકોને શિક્ષણ આપવું જોઈએ ખાસ કરીને બાયોડીઝલ ઉત્પન્ન કરતી વનસ્પતિ અને સમુદ્રની લીલી શેવાળનો સદઉપયોગ કેમ થઈ શકે. એ દિશામાં વધુ સંશોધનો કરી આખા નિર્જન વિસ્તારને લીલાછમ સમુદ્ર કિનારામાં ફેરવી નાંખવો જોઈએ.

**સમુદ્રી શેવાળમાંથી ડીઝલ બનાવી શકાય છે આ અંગેના પાયલોટ પ્લાન્ટ બન્યા છે. ઉત્પાદન ખર્ચ ઘટાડવા માટેના સંશોધનો ચાલી રહ્યા છે. ટૂંકા ગાળામાં સમુદ્રી શેવાળમાંથી ડીઝલ બનાવવાના મેગા પ્લાન્ટ પણ અસ્તિત્વમાં આવશે ત્યારે ભાવનગર જિલ્લાના સમુદ્ર કિનારાનો ચોક્કસ વિકાસ થશે. કારણ કે તેનું સંશોધન ભાવનગરમાં થઈ રહ્યું છે.**

## શબ્દ સંજોગ-૧૯૬૬



**આડી ચાવી :**
(૧) પાંચ પાંડવોમાંનો ત્રીજો પાંડવ (૩)
(૩) ગુજરાતી ભાષાના એક પ્રાચીન કવિ (૨)
(૫) જે મૂળ ચણતર ઉપર ઈમારત ઉભી કરવામાં આવે છે તે (૨)
(૭) હાથીનું બચ્ચુ (૪)
(૮) થોડું, જરાક (૨)
(૯) મીઠું (૩)
(૧૧) બેસવાની જગા (૩)
(૧૩) વાઈ, મૃગી (૨)
(૧૪) સંગીતમાંનો એક અલંકાર (૨)
(૧૫) તૃપ્ત, તરપાયેલુ (૩)
(૧૭) એક ગોપ કન્યા (૨)
(૧૮) અથવા (૧)
(૧૯) હવા, પવન (૧)
(૨૦) ખુશી, આનંદ (૨)
(૨૨) ચિત્રકારની પીંછી (૩)
(૨૪) પારકી......સદા નિરાશ (૨)
(૨૫) ધારો, કાનૂન (૩)
(૨૬) સૂંપડામાં ફળ, કંકુ અને કાંસકી મૂકી બ્રાહ્મણને દાનમાં આપવું તે (૩)
(૨૭) તંગી, અછત (૨)
(૨૮) ચીકણી અને કઠણ માટી (૩)
(૨૯) પાસે, નજીક (૨)

**ઉભી ચાવી :**
(૧) એક સુગંધીદાર ધોળી ભૂકી (૩)
(૨) દેવપૂજાનું પાણી (૩)
(૩) ઈચ્છાનો અભાવ, નાખુશી (૩)
(૪) ઘોડિયાની ખોઈ (૨)
(૫) ઈરાન દેશ (૩)
(૬) કસ્તૂરી (૫)
(૧૦) પ્રીતિ, સ્નેહ (૩)
(૧૧) વય, ઉંમર (૨)
(૧૨) કાર્ય કે ધંધાનો અવકાશ (૨)
(૧૩) શરીરની ત્રણ ધાતુઓમાંની એક (૨)
(૧૪) એક વાનગી (૩)
(૧૬) એક અટક (૩)
(૨૧) જમીન કે પહાડમાંથી ઝરતો પાણીનો વહેળો (૩)
(૨૨) ધન, દોલત (૩)
(૨૩) મોળુ, નરમ (૩)
(૨૪) નગારુ, મૃદંગ (૩)

## શબ્દ સંજોગ-૧૯૬૫ જવાબ

**આડી ચાવી:** (૧) અમદાવાદ (૪) મર્કટ (૬) મલ (૭) વાહે (૯) શકલ (૧૧) લીન (૧૩) રોમન (૧૫) ગરજ (૧૭) ટકોર (૧૯) કરજ (૨૨) યાદ (૨૩) લવણ (૨૫) રસાલો (૨૭) તલ (૨૮) કદર (૨૯) કનક.
**ઉભી ચાવી:** (૧) અમરેલી (૨) દામણ (૩) વાલ (૪) મહેશ (૫) રહેલ (૮) દામ (૧૦) કમર (૧૨) નગર (૧૩) રોજ (૧૪) નટ (૧૬) રજ (૧૮) કોયલ (૧૯) કદરજ (૨૦) બદતર (૨૧) કણ (૨૪) વસન (૨૬) લોક.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૩૦ | ૧૪૮૯ |
| ઘઉં લોકવન | ૪૮૬ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૮૨ | ૫૩૮ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૯૫૧ |
| તુવેર | ૧૧૨૫ | ૧૪૪૦ |
| ચણા પીળા | ૯૯૦ | ૧૦૪૭ |
| ચણા સફેદ | ૧૩૧૦ | ૧૯૯૦ |
| અડદ | ૧૧૨૫ | ૧૫૭૫ |
| મગ | ૧૩૩૬ | ૧૮૨૫ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૩૬૧ |
| વટાણા | ૧૦૦૦ | ૧૭૨૦ |
| મગફળી જાડી | ૯૨૧ | ૧૧૦૧ |
| મગફળી જીણી | ૯૪૦ | ૧૧૮૦ |
| તલી | ૧૬૦૦ | ૧૯૯૦ |
| એરંડા | ૧૨૭ | ૧૨૩૬ |
| અજમો | ૨૧૦૦ | ૨૧૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૦ |
| સીંગફાડા | ૧૦૪૦ | ૧૩૨૦ |
| કાળા તલ | ૩૬૦૦ | ૫૫૪૦ |
| લસણ | ૯૫૦ | ૧૨૫૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૭૭૦ |
| મરચા સુકા | ૭૦૦ | ૨૦૦૦ |
| ધાણી | ૧૫૦૦ | ૨૦૮૦ |
| વરીયાળી | ૧૨૫૦ | ૧૫૬૦ |
| જીરૂ | ૩૪૮૦ | ૪૦૨૦ |
| રાય | ૧૦૨૦ | ૧૨૫૦ |
| મેથી | ૮૩૦ | ૧૩૩૦ |
| અશેરીયો | ૧૧૭૫ | ૧૩૫૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૪૫ |
| ગુવારનું બી | ૯૨૦ | ૯૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૨૦૦ | ૨૬૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૫૦ |
| બટેટા | ૧૫૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૮૦ |
| ટમેટા | ૧૦૦ | ૨૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૪૦૦ |
| સકરીયા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૫૦ | ૪૫૦ |
| રીંગણા | ૪૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૨૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૫૦૦ |
| ટીંડોળા | ૮૦૦ | ૧૨૦૦ |

| | | |
|---|---|---|
| દુધી | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૫૦૦ | ૭૦૦ |
| તુવેરસીંગ | ૪૦૦ | ૬૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૦૦ | ૩૦૦ |
| મેથી | ૧૫૦ | ૩૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૨૫૦ |
| આદુ | ૯૦૦ | ૧૨૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૨૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૦૧ | ૧૪૭૧ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૬૧ |
| મગફળી જીણી | ૭૦૧ | ૧૦૪૬ |
| સિંગ ફાડીયા | ૭૫૦ | ૧૩૫૧ |
| એરંડા / એરંડી | ૧૨૦૦ | ૧૨૬૧ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૦૧ |
| ક્લંજી | ૨૭૦૧ | ૩૪૦૦ |
| વરીયાળી | ૧૧૨૧ | ૧૧૨૧ |
| ધાણા | ૮૦૧ | ૨૦૦૧ |
| મરચા સૂકા પટ્ટો | ૫૦૧ | ૫૩૦૧ |
| લસણ સુકું | ૪૫૧ | ૧૩૧૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૩૫૧ |
| અડદ | ૧૦૧૧ | ૧૬૨૧ |
| તુવેર | ૧૦૩૧ | ૧૪૧૧ |
| રાયડો | ૧૦૦૧ | ૧૦૫૧ |
| રાય | ૯૫૧ | ૧૦૪૧ |
| મેથી | ૯૫૧ | ૧૧૫૧ |
| કાંગ | ૫૩૧ | ૬૩૧ |
| મરચા | ૫૦૧ | ૨૨૫૧ |
| મગફળી જાડી | ૬૫૧ | ૧૧૪૧ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૯૮૧ |
| તલ - તલી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ધાણી | ૯૦૧ | ૨૩૫૧ |
| જુવાર | ૮૫૧ | ૯૬૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૧૧ |
| મગ | ૭૦૧ | ૧૫૯૧ |
| વાલ | ૯૭૧ | ૧૩૯૧ |
| ચોળા / ચોળી | ૯૫૧ | ૧૯૦૦ |
| સોયાબીન | ૪૦૧ | ૭૭૧ |
| ગોગળી | ૬૫૧ | ૧૦૪૧ |

| | | |
|---|---|---|
| વટાણા | ૧૪૩૧ | ૧૫૮૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦ | ૨૪૦ |
| મરચા | ૨૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦ | ૫૦૦ |
| દુધી | ૪૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૧૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૪૦ | ૩૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૯૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૪૦ |
| ગાજર | ૧૦૦ | ૨૫૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| તુવેર | ૩૦૦ | ૪૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૬૦૦ | ૯૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૨૪૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૫ |
| કોથમીર પુરા | ૫ | ૧૦ |
| મૂળા પુરા | ૫ | ૬ |
| ફ્રોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૩૦૦ | ૫૦૦ |
| પચકારુ | ૪૦૦ | ૫૦૦ |
| ચૂરણ | ૯૦૦ | ૧૨૦૦ |
| અડવી પાન | ૬ | ૧૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૨૬૦૦ |
| મેથી પુરા | ૩ | ૮ |
| બીટ પુરા | ૧૦ | ૧૨ |
| સરગવો પુરા | ૧૫ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૩૦૦ | ૯૦૦ |
| વાલોર | ૨૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૧૪૦ |
| આદુ | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૧૬૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૧ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૦૪૮ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૦૮૦ |
| શિંગદાણા ફાડા | ૮૩૦ | ૧૨૮૨ |
| તલ સફેદ | ૧૫૫૦ | ૨૦૮૦ |
| જુવાર | ૪૫૦ | ૧૨૦૨ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૦૭ |
| ઘઉં લોકવન | ૪૮૯ | ૬૦૭ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |

| | | |
|---|---|---|
| ચણા | ૭૧૦ | ૧૦૧૭ |
| ચણા દેશી | ૧૦૪૫ | ૧૦૪૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૮૫ |
| કપાસ | ૯૩૧ | ૧૪૮૮ |
| એરંડા | ૧૧૬૨ | ૧૨૨૬ |
| જીરૂ | ૨૧૨૫ | ૩૯૦૦ |
| રાય | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ધાણા | ૧૦૭૦ | ૧૮૧૦ |
| ધાણી | ૧૦૦૦ | ૨૬૦૦ |
| મેથી | ૭૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૬૮૦ | ૭૩૫ |
| મરચા લાંબા | ૩૦૦ | ૨૦૦૦ |
| મરચા ઘોલર | ૨૦૭૦ | ૫૨૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૫૦ | ૩૨૦ |
| રીંગણાં | ૨૮૦ | ૪૪૦ |
| ફુલાવર | ૧૮૦ | ૨૧૦ |
| કોબીજ | ૮૦ | ૧૧૦ |
| શક્કરીયા | ૩૧૦ | ૪૨૦ |
| ટામેટા | ૧૦૦ | ૧૫૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૫૦ |
| ગાજર | ૨૨૦ | ૩૦૦ |
| દૂધી | ૨૫૦ | ૩૫૦ |
| કારેલા | ૪૧૦ | ૫૮૦ |
| ગલકા | ૩૧૦ | ૫૦૦ |
| મુળા | ૧૩૦ | ૨૧૦ |
| કાકડી | ૧૦૦ | ૨૧૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૧૦ |
| વાલોળ | ૫૦૦ | ૬૧૦ |
| વટાણા | ૬૨૦ | ૮૦૦ |
| ચોળાલીલા | ૫૫૦ | ૭૮૦ |
| તુરીયા | ૬૧૦ | ૮૦૦ |
| શક્કરટેટી | ૩૦૦ | ૪૨૦ |
| ભીંડો | ૭૧૦ | ૯૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૨૦ |
| આદુ | ૮૦૦ | ૯૫૦ |
| કોથમીર | ૩૦૦ | ૩૫૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૨૦ |
| ફુદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૩૫૦ | ૫૩૦ |
| બીટ | ૧૫૦ | ૧૮૦ |
| સરગવો | ૩૮૦ | ૫૧૦ |
| લીમડો મીઠો | ૨૫૦ | ૩૫૦ |
| મરચા લીલા | ૩૨૦ | ૬૦૦ |
| મરચા લાલા | ૪૫૦ | ૭૧૦ |
| ડુંગળી લીલી | ૧૮૦ | ૩૩૦ |
| ડુંગળી સૂકી | ૨૫૦ | ૩૫૦ |
| લસણ લીલુ | ૫૧૦ | ૭૧૦ |
| લસણ સુકુ નવુ | ૧૦૦૦ | ૧૪૨૦ |
| મકાઈ | ૧૧૦ | ૧૬૦ |

| | | |
|---|---|---|
| લીંબુ | ૨૫૦૦ | ૨૭૫૦ |
| પાલક | ૬૦૦ | ૭૧૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૦૩૦ |
| શીંગ મોટી | ૧૦૧૦ | ૧૦૯૮ |
| તલ સફેદ | ૨૨૦૦ | ---- |
| જીરૂ | ૩૬૦૦ | ૧૦૬૦ |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૭૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૦૧ |
| બાજરો | ૬૦૦ | ---- |
| ચણા | ૯૦૦ | ૧૦૪૫ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૧૧ |
| તુવેર | ૧૨૫૦ | ૧૪૦૦ |
| એરંડી | ૧૧૭૮ | ૧૨૦૫ |
| મેથી | ૧૦૬૬ | ---- |
| ધાણા | ૧૧૦૦ | ૧૯૩૦ |
| સોયાબીન | ૬૮૧ | ---- |
| અજમા | ૨૮૦૦ | ---- |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૧૪ | ૧૪૯૬ |
| કપાસ મીડીયમ | ૧૧૫૮ | ૧૩૮૨ |
| મગફળી જી ૨૦ | ૯૮૫ | ૧૦૫૫ |
| મગફળી બી.ટી. | ૯૩૦ | ૯૯૦ |
| ચણા | ૯૯૨ | ૧૦૧૮ |
| જીરૂ | ૩૩૬૫ | ૩૯૨૫ |
| ઘઉં | ૪૯૫ | ૫૨૫ |
| તુવેર | ૧૨૪૦ | ૧૩૯૦ |
| ધાણા | ૧૨૧૫ | ૧૫૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૦ |
| ઘઉં લોકવન | ૪૨૨ | ૪૮૧ |
| ઘઉં ટુકડા | ૩૫૨ | ૪૬૮ |
| ચણા | ૯૦૦ | ૯૮૮ |
| સોયાબીન | ૬૫૦ | ૭૨૯ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૧૬ |
| મગફળી | ૯૦૦ | ૯૦૦ |
| તુવેર | ૭૧૦ | ૧૩૨૫ |
| જીરૂ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| જુવાર | ૯૨૫ | ૯૨૫ |
| રાય | ૯૮૦ | ૯૮૦ |
| **ધારી** | | |
| મગફળી | ૭૦૦ | ૯૪૫ |
| ઘઉં | ૩૦૦ | ૪૩૦ |
| ચણા | ૮૨૫ | ૯૯૪ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૬૮૫ | ૬૮૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૯૧ | ૧૪૭૧ |

| | | |
|---|---|---|
| મગફળી | ૯૮૧ | ૯૮૧ |
| ચણા | ૯૭૫ | ૧૦૧૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૦૮૬ |
| મગફળી ૩૨ નં. | ૯૫૦ | ૧૦૩૩ |
| બાજરી હાઈબ્રીડ | ૪૭૦ | ૬૦૨ |
| ઘઉં | ૪૩૦ | ૬૦૦ |
| રાઈ | ૯૧૧ | ૧૧૩૨ |
| રાયડો | ૮૦૦ | ૯૯૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૪૧૪ |
| જુવાર | ૫૦૦ | ૯૫૬ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૬ |
| સોયાબીન | ૬૦૦ | ૭૬૦ |
| ધાણા | ૯૦૦ | ૧૪૩૫ |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૪૦ |
| કાંગ | ૪૮૦ | ૫૫૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૨૨૭ | ૧૪૪૩ |
| તલ | ૨૧૭૫ | ૨૧૭૫ |
| **મહુવા** | | |
| શીંગ ૩૯ | ૯૩૦ | ૧૦૦૭ |
| શીંગ જી-૨૦ | ૯૮૫ | ૧૦૨૫ |
| જુવાર | ૭૫૩ | ૮૯૭ |
| બાજરી | ૫૮૧ | ૬૬૬ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૮૮ |
| અડદ | ૧૧૪૪ | ૧૧૪૪ |
| ધાણા | ૮૩૦ | ૧૨૩૨ |
| મેથી | ૮૨૨ | ૯૪૨ |
| ચણા | ૬૦૦ | ૧૦૧૨ |
| ચણા દેશી | ૧૦૧૫ | ૧૦૧૫ |
| તાલ સફેદ | ૧૩૮૫ | ૧૭૯૧ |
| તલ પીળા | ૧૬૪૨ | ૨૧૬૨ |
| તુવેર | ૧૨૮૬ | ૧૩૫૬ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૪૪૨ |
| જીરૂ | ૨૯૦૧ | ૨૯૦૧ |
| ડુંગળી ગુલાબી | ૧૧૫ | ૩૬૮ |
| ડુંગળી સફેદ ડી. | ૧૪૫ | ૨૩૭ |
| ડુંગળી સફેદ | ૨૬૦ | ૩૫૫ |
| નાળીયેર | ૮૭૨ | ૨૮૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૯૦ | ૯૯૦ |
| કપાસ | ૧૧૦૧ | ૧૪૧૯ |
| બાજરો | ૪૫૪ | ૪૫૪ |
| ઘઉં ટુકડા | ૫૧૬ | ૫૫૭ |
| જુવાર | ૭૫૦ | ૯૭૦ |
| અડદ | ૧૦૫૪ | ૧૦૫૪ |
| તુવેર | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૪ |
| જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| મેથી | ૮૨૨ | ૯૪૨ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સાવરકુંડલાના ૧૧ ગામોને સ્વચ્છતા હી સેવા મિશન અંતર્ગત ઈ-રીક્ષાનું લોકાર્પણ

**સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ધારાસભ્ય મહેશ કસવાળાએ કર્યું લોકાર્પણ**

સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલાના ૧૧ ગામોને સ્વચ્છતા હી સેવા ભારત મિશન અંતર્ગત ઈ-રીક્ષા લોકાર્પણ અને પ્રસ્થાન કાર્યક્રમ ધારાસભ્ય મહેશભાઈ કસવાળાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ તથા નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત ડોર ટુ ડોર કચરા કલેક્શન માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને જિલ્લા પંચાયત અમરેલી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ સાવરકુંડલા તાલુકાના ૧૧ ગામોને ઈ-રીક્ષાનું લોકાર્પણ કરી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી જે.ડી. વઘાસીયા, તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, માર્કેટ યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી, તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ ખાત્રાણી, જિલ્લા પંચાયતના કૃષિ અને સિંચાઈ વિભાગના ચેરમેન લાલજીભાઈ મોર, જિલ્લા પંચાયત સદસ્ય પુનાભાઈ ગજેરા, તાલુકા પંચાયતના સદસ્ય મનુભાઈ ડાવરા, પૂર્વ પ્રમુખ લલીતભાઈ બાલધા, ઉપપ્રમુખ પરસોત્તમભાઈ ઉમટ અને કારોબારી સમિતિના ચેરમેન હંસાબેન ઘુસાભાઈ વાણીયા સહિત અનેક ગ્રામ પંચાયતના સરપંચો અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



# ધોરાજી તાલુકાના વેગડી ગામ પાસે વાયુ પ્રદૂષણ ફેલાવનારા બેફામ બન્યા

**અજાણ્યા શખ્સોએ ભાદર નદીના કાંઠે કેમિકલ વેસ્ટ સળગાવતા આગ લાગી, ફાયર બ્રિગેડે કાબૂ મેળવ્યો**

ધોરાજી, તા.૧૩

ધોરાજી તાલુકાના વેગડી ગામ પાસે ભાદર નદીના કાંઠે અજાણ્યા શખ્સોએ કેમિકલનો જથ્થો સળગાવતા વાયુ પ્રદૂષણ ફેલાયું હતું. આગના ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી જોવા મળ્યા હતા, જેના કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાની જાણ થતાં જ વેગડી ગામના સરપંચ અને તલાટી મંત્રી પ્રકાશ દોંગા તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે ફોરેસ્ટ વિભાગ અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનાથી સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોમાં રોષ ફેલાયો હતો. ધોરાજી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં નદીઓમાં કેમિકલ ભરેલા ટેન્કર ઠાલવવાની અને પ્લાસ્ટિક વેસ્ટ સળગાવીને પ્રદૂષણ ફેલાવવાની ઘટનાઓ અવારનવાર બનતી રહે છે.



# બાબરામાં ટ્રાફિકની સમસ્યા અને દારુના વેચાણ સામે પોલીસની નિષ્ક્રિયતાથી લોકોમાં નારાજગી

બાબરા, તા.૧૩

બાબરા શહેર અને તાલુકામાં દિન-પ્રતિદિન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નબળી પડતી હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. બાબરામાં મોટા અને નાના બસ સ્ટેન્ડ પાસે ખાનગી વાહનોની લાઈનો લાગે છે તેથી અન્ય વાહનોને નીકળવું અત્યંત મુશ્કેલ બને છે અને અકસ્માતનો ભય રહે છે. પોલીસ આ સમસ્યા પડતી મૂકીને હાઈવે રોડ ઉપર અડીંગો જમાવીને વાહનોને મેમો આપે છે તેમજ નાના વાહનચાલકો પાસે મોટા ઉઘરાણા કરે છે. શહેર અને તાલુકામાં પોલીસની મહેરબાનીથી દેશી અને ઈંગ્લીશ દારૂનું મોટાપાયે ખાનગીમાં વેચાણ થાય છે, તેવા આક્ષેપો પણ લોકો કરી રહ્યા છે. પોલીસની નિષ્ક્રિયતાથી શહેરનું યુવાધન દારૂ, જુગાર, ગાંજાના રવાડે ચડ્યું હોવાથી વાલીઓમાં ચિંતાનો માહોલ છે. બાબરાની કાયદાની પરિસ્થિતિ બગાડવા પાછળ રાજકીય આગેવાનોનો મોટો હાથ હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

# લીલીયા કોલેજમાં 'ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી' પર સ્પર્ધા યોજાઈ, વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો

લીલીયા, તા.૧૩

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ લીલીયામાં પંચ પ્રકલ્પ અનુસંધાને "ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી" અંતર્ગત વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૨-૦૩-૨૦૨૫ ને બુધવારના રોજ કોલેજના આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડની અધ્યક્ષતામાં તથા પંચ પ્રકલ્પના કોર્ડીનેટર ડૉ. મહેશ ગઢિયાના માર્ગદર્શનમાં પ્રા. લાભુભાઈ એમ. મેમકિયા દ્વારા "ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી" પ્રકલ્પ અંતર્ગત 'પ્રાકૃતિક ખેતી' વિષય પર નિબંધ સ્પર્ધા તથા ગૌ સંવર્ધનની જરૂરિયાત વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્યએ પ્રાચીન અને આધુનિક ખેતી તથા વર્તમાન સમયમાં "ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી" ની જરૂરિયાતનું ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપેલ હતું. નિબંધ સ્પર્ધામાં કુલ પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં લાઠીયા માનસીબેન બી. પ્રથમ, ડાંગર નિર્મતાબેન બી. બીજા અને ધાધલ દિવ્યાબેન ડી. ત્રીજા નંબરે રહ્યા હતા.



# જસદણ પાલિકાના કોર્પોરેટર સોનલબેન સાથે થયેલા ગેરવર્તનથી સમસ્ત રઘુવંશી સમાજમાં રોષ

જસદણ, તા.૧૩

તાજેતરમાં મહિલા દિને જ રાજકોટ જિલ્લા મહિલા મંડળના પ્રમુખ તથા જસદણ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ, વર્તમાન કોર્પોરેટર અને રામધામના મહિલા મોરચાના પ્રમુખ અને રઘુવંશી અગ્રણી સોનલબેન (માધવીબેન) વસાણી સાથે ભાજપ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરાએ અપમાનજનક શબ્દની વાણીનો ઉપયોગ કરતા વાંકાનેર લોહાણા મહાજન, વાંકાનેર લોહાણા યુવક મંડળ તથા રઘુવંશી સોશ્યલ ગ્રુપમાં તીવ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે. વાંકાનેર લોહાણા સમાજ સ્થાપના કાળથી સત્તાની મોહ-માયા વગર ભાજપ સાથે અને ભાજપની વિચારધારા સાથે જોડાયેલ રહ્યો છે. ત્યારે આવા વાણી વિલાસનો ઉપયોગ કરતા નેતાઓને ભારતીય જનતા પાર્ટીનું મોવડી મંડળ ગંભીર નોંધ લઈ વાણી પર નિયંત્રણ રાખવા સૂચના આપે તેવી વાંકાનેર લોહાણા મહાજન પ્રમુખ કાકુભાઈ મોદી, ઉ.પ્રમુખ રમેશભાઈ અખેણી દ્વારા સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.

# સ્વ.સુરેશકુમાર સેવા ટ્રસ્ટ દ્વારા નિરાધાર બહેનો અને સિનિયર સિટીજનોને યાત્રા પ્રવાસ

અમરેલી,તા.૧૧

સ્વ. સુરેશકુમાર સેવા ટ્રસ્ટનાં પ્રમુખ પી. ડી.દેસાઈ માધ્યમથી નિરાધાર ગં.સ્વ. વિધવા બહેનો તથા ૨૦૦ સિનિયર સિટીજનો યાત્રાળુઓને વિનામૂલ્યે દેવ દર્શન યાત્રા પ્રવાસ કરાવવામાં આવેલ છે. સ્વર્ગસ્થ સુરેશકુમાર સેવા ટ્રસ્ટ ( ડાયાબાપાનો આશરો ) ૨૯૦, સુરભી ધ રોયલ ટાઉન, પસોદરા પાટિયા, સુરત, પ્રમુખ પી.ડી. દેસાઈ તથા ઉપપ્રમુખ જયશ્રીબેન દેસાઈના સહયોગથી નિરાધાર ગં.સ્વ. વિધવા બહેનો તથા તમામ સિનિયર સિટીજનોને પાણીયા, ઓળીયા, નાના ગોખરવાળા, ટીંબલા, બાબાપુર વગેરે અલગ અલગ ગામોથી દ્વારકા, બેટદ્વારકા, શ્રી સ્વામિનારાયણ મંદિર, નાગેશ્વર જ્યોતિર્લિંગ, ભાલકાતીર્થ, ખોડલધામ (કાગવડ), શ્રી સ્વામિનારાયણ મંદિર ગોંડલ, વીરપુર (જલારામ મંદિર), વિગેરે દર્શન યાત્રા પ્રવાસમાં આશરે ૪ બસ લઈને ૨૦૦થી વધુ યાત્રાળુઓને વિનામૂલ્યે સ્વ.સુરેશકુમાર સેવા ટ્રસ્ટ તરફથી યાત્રા પ્રવાસ કરાવવામાં આવેલ છે.




# જીટીયુની M.B.A. સેમ.-૩ની પરીક્ષામાં ગજેરા મહિલા કોલેજની ઝળહળતી સિદ્ધિ

અમરેલી, તા.૧૩

જીટીયુ દ્વારા તાજેતરમાં લેવાયેલી એમબીએ સેમ-૩ની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. જેમાં અમરેલીના ગજેરા કેમ્પસની એસ.એચ. ગજેરા મહિલા એમબીએ કોલેજની વિદ્યાર્થિનીઓએ ઝળહળતી સિદ્ધિ મેળવી હતી. યુનિવર્સિટી કક્ષાએ ટોપટેનમાં સંકુલની કોલેજે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જેમાં પરમાર પૂર્વિ એ. કોલેજ ફર્સ્ટ - SPT ૯.૫, નવાપારીયા વિભૂતી એસ. કોલેજ સેકન્ડ - SPT ૯.૩૮ અને નસિત ધ્રુવિ બી. એ કોલેજ થર્ડ - SPT ૯.૧૩ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. GTU માં સંકુલની કોલેજે ૯૬% પરિણામ સાથે ૧૦૦% ફર્સ્ટક્લાસ લાવવા બદલ સ્ટાફ, સ્ટુડન્ટ્સ અને રેન્કરને સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



**માર્ગ પર મહત્વની કચેરીઓ આવેલી હોવા છતાં પાલિકા દ્વારા કોઈ કામગીરી કરાતી નથી**

# અમરેલી સિવિલ હોસ્પિટલની પાછળ ગંધાતા પાણી કચેરીઓમાં ઘૂસી જતા રોષ

અમરેલી,તા.૧૩

અમરેલી સિવિલ હોસ્પિટલ પાછળ ઘણા વર્ષોની રજૂઆત બાદ સીસી રોડ બન્યો છે. જો કે સીસી રોડ બન્યા બાદ આ માર્ગ પર આવેલી હોસ્પિટલ, જિ.પં. પ્રમુખના બંગલો સહિતની કચેરીઓમાં ગંધાતા પાણી ઘૂસી જતા હોવાથી અધિકારીઓ અને પદાધિકારીઓમાં રોષ ફેલાયો છે. અમરેલી સિવિલ હોસ્પિટલની પાછળ વર્ષોથી કાચો માર્ગ હોવાથી લોકો ભારે હાલાકી ભોગવતા હતા જો કે તંત્ર દ્વારા ત્યાં સીસી રોડ બનાવવામાં આવતા રાહદારીઓ અને વાહનચાલકોને રાહત થઈ હતી. આ માર્ગ પર ભૂગર્ભ ગટર આવેલી હોવાથી ભૂગર્ભ ગટરમાંથી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગટરના ગંધાતા પાણી સિવિલ હોસ્પિટલ, જિલ્લા પંચાયત પ્રમુખના બંગલા સહિત આજુબાજુમાં આવેલી અન્ય કચેરીઓમાં ઘૂસી જાય છે. શૌચાલયના પાણી કચેરીઓ અને ઘરમાં આવતા હોવાથી માથું ફાડી નાખે તેવી દુર્ગંધ આવે છે. આ બાબતે પાલિકાને અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ કાયમી નિરાકરણ આવતું નથી. જો કે જાણવા મળતી માહિતી મુજબ પમ્પીંગ સ્ટેશન ૨૪ કલાક ચાલુ રાખવામાં આવે તો જ આ ગટરના પાણીની સમસ્યામાંથી છૂટકારો થાય તેમ છે પરંતુ માત્ર ૩ થી ૪ કલાક જેટલુ જ પમ્પીંગ ચાલુ રાખી ૨૪ કલાકનું બીલ મુકવામાં આવતુ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ગંધાતા પાણીની સમસ્યાથી ત્રસ્ત કચેરીઓના કર્મચારીઓએ પાલિકાના કર્મચારીઓ અને આર એન્ડ બીના કર્મચારીઓને પણ સ્થળ પર બોલાવી સમસ્યાથી વાકેફ કર્યા હતા. આમ, છેલ્લાં ઘણા સમયથી ત્રસ્ત કર્મચારીઓ દ્વારા આ સમસ્યામાંથી કાયમી છૂટકારો મળે તેવી માંગ કરવામાં આવી છે.



# ઉનાના વાવરડા ગામનું વોટર એટીએમ શોભાના ગાંઠિયા સમાન

ઉના, તા.૧૩

ઉના તાલુકાના વાવરડા ગામે ગ્રામ પંચાયત દ્વારા જિલ્લા પંચાયતની વર્ષ ૨૦૨૦-૨૧ની ૧૦% ગ્રાન્ટમાંથી ગામ લોકોને શુદ્ધ અને ઠંડું પાણી પીવા માટે મૂકવામાં આવેલું એટીએમ વોટર ફિલ્ટર શોભાનો ગાંઠિયો બની ગયું છે. ગામ લોકોને શુદ્ધ અને ઠંડું પાણી પીવાની સુવિધા મળી રહે તે માટે મૂકવામાં આવેલું આરઓ પાણીનું ફિલ્ટર મશીન છેલ્લા એક વર્ષથી સતત બંધ છે. આ અંગે અગાઉ જિલ્લા પંચાયતના સદસ્યના પ્રતિનિધિ પ્રકાશભાઈ ટાંક, જેન્તીભાઈ વાંજા તથા ગ્રામ પંચાયત દ્વારા કંપનીના એન્જિનિયરને ટેલિફોનિક રજૂઆત કરવામાં આવી હતી. ન્યૂઝ પેપરમાં સમાચાર પણ પ્રસિદ્ધ થયા હતા. તેમ છતાં અધિકારીઓએ કે એન્જિનિયરે આ રજૂઆતો ધ્યાને લીધી નથી. ત્યારબાદ, પંચાયત દ્વારા ડિસેમ્બર ૨૦૨૪માં પણ કંપનીના એન્જિનિયર અને જિલ્લા પંચાયતને ઈ-મેઈલ કરીને જાણ કરવામાં આવી હતી, પરંતુ પરિસ્થિતિ યથાવત્ રહી છે. પાણીનું ફિલ્ટર મશીન જલ્દીથી રીપેર કરવામાં આવે તેવી ગામ લોકોની માંગણી છે.



# ધારીના ઉદ્યોગપતિ જીતુભાઈ શેલડીયાએ બજરંગ ગ્રુપને ઓક્સિજન મશીન ભેટ આપ્યું

**સેવાકીય સંસ્થાને ૨.૫ લાખ રૂપિયાના ઇલેક્ટ્રોનિક ઓક્સિજન મશીન અને સિલિન્ડરનું દાન**

ધારી, તા.૧૩

ધારી તાલુકાના સરસિયા ગામના વતની અને ઉદ્યોગપતિ જીતુભાઈ શેલડીયાએ ધારીની સેવાકીય સંસ્થા બજરંગ ગ્રુપને ઓક્સિજન સિલિન્ડર અને ઈલેક્ટ્રોનિક ઓક્સિજન મશીન ભેટ આપ્યા છે. આ મશીનની કિંમત આશરે ૨.૫ લાખ રૂપિયા છે.

જીતુભાઈ શેલડીયાના આ ઉમદા કાર્ય બદલ બજરંગ ગ્રુપ પરિવારે તેમનો આભાર માન્યો છે અને તેમને જીવનમાં પ્રગતિના શિખરો સર કરવાની શુભેચ્છા પાઠવી છે. બજરંગ ગ્રુપ દ્વારા દવાખાનાના સાધનો જેમ કે પાણીવાળા ગાદલા, હવાવાળા ગાદલા, વોકર, વ્હીલચેર, પલંગ, ઓક્સિજન સિલિન્ડર અને ઓક્સિજન ઈલેક્ટ્રિક મશીન જેવી સુવિધાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જરૂરિયાતમંદ લોકો ડિપોઝિટ જમા કરાવીને આ સાધનો લઈ જઈ શકે છે અને સાધનો પરત આપ્યા બાદ ડિપોઝિટ પાછી મેળવી શકે છે. બજરંગ ગ્રુપે લોકોને આ વિનામૂલ્યે મળતી મેડિકલ સહાયનો લાભ લેવા માટે અપીલ કરી છે.



**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૫૦/ ૨૦૨૫

અરજદારઃ શ્રી દીલુભાઈ ભાભલુભાઈ વરૂ
સરનામુઃ મું.લોર તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - લોર
મું.લોર તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના લોર** ગામના **શ્રી દીલુભાઇ ભાભલુભાઇ વરૂ** એ તેમના **નાનાભાઇ નામે શ્રી બળુભાઇ ભાભલુભાઇ વરૂ નું મરણ** તા.૦૩/૦૯/૧૯૯૮ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **ઉમેશભાઇ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૦/૦૩/૨૦૨૫**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૩૦/૨૦૨૫

અરજદારઃ શ્રી ફુલિબેન નાનજીભાઈ પરમાર
સરનામુઃ મું.રોહીસા તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - રોહીસા
મું.રોહીસા તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના રોહીસા** ગામના **શ્રી ફુલિબેન નાનજીભાઇ પરમાર** એ તેમની **પુત્રી નામે શ્રી ભાવનાબેન નાનજીભાઇ પરમાર નો જન્મ** તા.૦૧/૦૧/૧૯૮૯ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **ઉમેશભાઇ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. માર્ચ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૦/૦૩/૨૦૨૫**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# જાફર એક્સપ્રેસના અપહરણ અંગે પાકિસ્તાન સરકારના ભારત પર વાહીયાત આરોપો

નવીદિલ્હી,તા.૧૩

બલુચિસ્તાનમાં બલુચ લિબરેશન આર્મી દ્વારા હાઈજેક કરાયેલી જાફર એક્સપ્રેસ અંગે પાકિસ્તાન સરકારે ભારત પર ગંભીર આરોપો લગાવ્યા છે. વડાપ્રધાન શાહબાઝ શરીફના રાજકીય સલાહકાર રાણા સનાઉલ્લાહે દાવો કર્યો હતો કે આ સમગ્ર ઘટના પાછળ ભારતનો હાથ છે. પાકિસ્તાની ન્યૂઝ ચેનલ ડોન ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં



રાણા સનાઉલ્લાહે કહ્યું, ''એમાં કોઈ શંકા નથી કે ભારત આ બધું કરી રહ્યું છે.'' જ્યારે એન્કરે તેમને અટકાવીને સ્પષ્ટતા કરી કે તેઓ BLA ને કથિત બાહ્ય સમર્થન વિશે વાત કરી રહ્યા છે, ત્યારે સનાઉલ્લાહે અફઘાનિસ્તાનનું નામ ખેંચ્યું અને કહ્યું કે BLA લડવૈયાઓ અફઘાનિસ્તાનમાં સુરક્ષિત આશ્રયસ્થાનો ધરાવે છે જ્યાંથી તેઓ પાકિસ્તાન સામે હુમલાઓની યોજના બનાવે છે. ''બલુચ બળવાખોરી એ આતંકવાદ છે, રાજકીય લડાઈ નથી'' રાણા સનાઉલ્લાહે વધુમાં કહ્યું કે બલુચ બળવાખોરોનો ઉદ્દેશ્ય પાકિસ્તાનમાં આતંક ફેલાવવાનો અને રક્તપાત કરવાનો છે. તેમણે કહ્યું, ''જો તેઓ રાજકીય લડાઈ લડવા માંગતા હોય, તો તેમણે ચૂંટણીમાં ભાગ લેવો જોઈએ, પરંતુ તેઓ ફક્ત આતંક ફેલાવવા માંગે છે.''

# મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં ગેસ ટેન્કરે બે વાહનોને ટક્કર મારતા ૭ લોકોના મોત

ભોપાલ,તા.૧૩

મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં એક ભયાનક અકસ્માત થયો છે. એક ગેસ ટેન્કરે બે ફોર વ્હીલને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૭ લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. આ અકસ્માતમાં ૩ લોકો ઘાયલ થયાના અહેવાલ છે, જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માત એટલો ગંભીર હતો





કે ઘટનાસ્થળે ફસાયેલા લોકોને ક્રેનની મદદથી વાહનોમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. પોલીસે આ અકસ્માત અંગે વિગતવાર માહિતી આપી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માત રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ થયો હતો. બદનાવર-ઉજ્જૈન હાઈવે પર બામનસુતા ગામ નજીક એક રસ્તા પર ખોટી દિશામાંથી એક ગેસ ટેન્કર આવી રહ્યું હતું. આ દરમિયાન, ટેન્કરે વિરુદ્ધ દિશામાંથી આવતી કાર અને જીપને ટક્કર મારી હતી. ધાર એસપી મનોજ કુમાર સિંહે જણાવ્યું કે અકસ્માત બાદ ટ્રક ચાલક ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. ધાર એસપીએ જણાવ્યું છે કે આ અકસ્માતમાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે. જ્યારે, અન્ય ૩ લોકોના હોસ્પિટલમાં પછીથી મૃત્યુ થયા છે.

# મહારાષ્ટ્ર સરકારમાં અજિત પવાર જૂથને વધુ જવાબદારી મળે તેવી સંભાવના

મુંબઈ,તા.૧૩

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધનનો વિજય થયો છે. જીત બાદ, ભાજપના દેવેન્દ્ર ફડણવીસ રાજ્યના નવા મુખ્યમંત્રી બન્યા છે. શિવસેનાના એકનાથ શિંદે અને એનસીપીના અજિત પવારને નાયબ મુખ્યમંત્રી પદની જવાબદારી સોંપવામાં આવી છે, પરંતુ તાજેતરના સમયમાં ભાજપ અને શિવસેના અને એનસીપી વચ્ચે સંઘર્ષ થવાની અટકળો ચાલી રહી છે. અજિત પવાર અને શિવસેના દ્વારા સત્તામાં વધુ ભાગીદારીના દાવા કરવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં, અજિત પવાર જૂથની સત્તામાં ભાગીદારી વધી શકે છે. તમને જણાવી દઈએ કે વિધાનસભા ચૂંટણીમાં જ્યારે ભાજપ રાજ્યમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી ત્યારે ભાજપના જ એક નેતાને વિધાનસભાના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. રાહુલ નાર્વેકર ફરી એકવાર વિધાનસભાના અધ્યક્ષ બન્યા. તેમની સામે કોઈ ઉમેદવારી નોંધાવાઈ ન હોવાથી તેઓ બિનહરીફ ચૂંટાયા હતા.

# ઈસરોને અવકાશની દુનિયામાં મોટી સફળતા મળી, સ્પેડેક્સ અનડોકિંગ સફળ રહ્યું

બેંગ્લુરૂ,તા.૧૩

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) એ અવકાશમાં અજાયબીઓ કરી છે અને એક નવું પરિમાણ બનાવ્યું છે અને એક નવી સિદ્ધિ હાંસલ કરી છે. ઈસરોએ સ્પેડેક્સ મિશનમાં સફળતાપૂર્વક અનડોકિંગ કર્યું છે. તમને જણાવી દઈએ કે મિશન લોન્ચ થયા પછી, ઈસરોએ અવકાશમાં બે અલગ અલગ ઉપગ્રહોને જોડીને ઈતિહાસ રચ્યો હતો. આ એકબીજા સાથે જોડાયેલા બે ઉપગ્રહો આજે ફરી સફળતાપૂર્વક અલગ થઈ ગયા હતા. અવકાશમાં બે અલગ અલગ ઉપગ્રહોને જોડવા અને અલગ કરવાના આવા વધુ પ્રયોગો થશે. આજની સફળતા ભવિષ્યના ઊંડા અવકાશ મિશન અને સ્વદેશી અવકાશ સ્ટેશનની સ્થાપના તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. પીએસએલવી દ્વારા લોન્ચ કરાયેલા બે નાના અવકાશયાનનો ઉપયોગ કરીને અવકાશમાં ડોકિંગ દર્શાવવા માટે સ્પેડએક્સ મિશન એક અસરકારક ટેકનોલોજી પ્રદર્શનકાર મિશન છે. આ ટેકનોલોજી ભારતની અવકાશ મહત્વાકાંક્ષાઓ જેમ કે ચંદ્ર પર ભારતીય ક્ષેત્ર, ચંદ્ર પરથી નમૂના પરત, ભારતીય અવકાશ સ્ટેશનના નિર્માણ અને સંચાલન વગેરે માટે જરૂરી છે. જ્યારે સામાન્ય મિશન ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે બહુવિધ રોકેટ લોન્ચની જરૂર હોય ત્યારે ઈન-સ્પેસ ડોકિંગ ટેકનોલોજી આવશ્યક છે.

# ઉદયપુરના એક ગામમાં ગનપાઉડરથી હોળીના તહેવારની ઉજવણી કરે છે લોકો

ઉદયપુર,તા.૧૩

દેશભરમાં હોળીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. ઘણા રાજ્યોમાં આ તહેવારની ઉજવણીની અલગ અલગ પરંપરાઓ છે. કેટલીક જગ્યાએ હોળી રંગો અને ફૂલોથી રમાય છે, જ્યારે રાજસ્થાનના ઉદયપુરના એક ગામમાં લોકો ગનપાઉડરથી હોળીનો તહેવાર ઉજવે છે. આ પરંપરા ૪૦૦ વર્ષથી વધુ જૂની છે. ઉદયપુરથી ૪૫ કિમી દૂર આવેલા મેનાર ગામમાં જામરાબીજ પર જબરી ગેર નામની એક અનોખી હોળી રમાય છે. ધુળેટીના બીજા દિવસે, આ ગામમાં હોળી રંગોથી નહીં પણ ગનપાઉડરથી રમાય છે. આ દરમિયાન તલવારો અને બંદૂકોના અવાજો સાથે યુદ્ધ જેવું દ્રશ્ય જોવા મળે છે. આ વર્ષે પણ આ તહેવાર ૧૫ માર્ચે ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવશે. આ દિવસે, મેવાડી પોશાક પહેરેલા યોદ્ધાઓ ઓમકારેશ્વર ચોક ખાતેના ૫ મહેલોમાંથી હવામાં ગોળીબાર કરે છે અને તોપો ચલાવે છે. મધ્યરાત્રિએ, તલવારબાજી પણ રમાય છે.

# જમ્મુ અને કાશ્મીરમાં ૧૪ માર્ચને 'શહીદ દિવસ' તરીકે જાહેર કરવા કાશ્મીરી પંડિતોએ કરી માંગ

શ્રીનગર,તા.૧૩

કાશ્મીરી પંડિતોએ માંગ કરી છે કે જમ્મુ અને કાશ્મીરમાં ૧૪ માર્ચને 'શહીદ દિવસ' જાહેર કરવામાં આવે. એક નિવેદનમાં, કાશ્મીરી પંડિત સંઘર્ષ સમિતિએ જણાવ્યું હતું કે સમુદાય વતી, સમિતિ માંગ કરે છે કે આ તારીખને સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવે અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં શહીદ દિવસ તરીકે જાહેર કરવામાં આવે જેથી માર્યા ગયેલા લોકોને માન મળે અને ખાતરી થાય કે તેમની વેદના ઈતિહાસમાંથી ક્યારેય ભૂંસાઈ ન જાય. આજના દિવસે, ૧૪ માર્ચ, ૧૯૮૯ ના રોજ, શ્રીનગરના હરિ સિંહ હાઈ સ્ટ્રીટ પર ગ્રેનેડ હુમલામાં કાશ્મીરી પંડિત સમુદાયની મહિલા પ્રભાવતી ઘાયલ થઈ હતી. તે



કેપી સામે લક્ષિત હિંસાનો પ્રથમ ભોગ બની. આ પગલાનો ઉદ્દેશ્ય આતંકવાદમાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવા અને તેમની વેદનાને ઈતિહાસમાંથી ભૂંસી નાખવાથી અટકાવવાનો છે. કાશ્મીરી પંડિત સમુદાય છેલ્લા ત્રણ દાયકાથી જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદનો સામનો કરી રહ્યો છે. સમિતિનું કહેવું છે કે બહુમતી સમુદાયનો એક વર્ગ જાણી જોઈને તેમના હિંસક હિજરતના સત્યને નકારી કાઢે છે. પોતાની સામે થયેલા અત્યાચારોને સ્વીકારતો નથી.

# વારાણસીમાં લાઉડસ્પીકરના અવાજનો 'કાયમી ઉકેલ' આવશે: મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ

વારાણસી,તા.૧૩

વારાણસીમાં કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ધાર્મિક સ્થળો પર લાઉડસ્પીકરના ઉપયોગ અંગે કાયમી ઉકેલ સુનિશ્ચિત કરવા સૂચના આપી છે. આ ઉપરાંત હોળી પર ડીજેના મોટા અવાજ પર કડક નિયંત્રણની પણ વાત કરી હતી. તમને જણાવી દઈએ કે યોગી સરકાર દ્વારા ધાર્મિક સ્થળો પરથી બિનજરૂરી લાઉડસ્પીકર હટાવવાનું અભિયાન ચાલુ છે. ઉત્તર પ્રદેશમાં એપ્રિલ ૨૦૨૨થી એક મોટા અભિયાન દ્વારા લાઉડસ્પીકર લોન્ચ કરવામાં આવી રહ્યા છે. આ કાર્યવાહી લખનૌ, મેરઠ, મુરાદાબાદ, રામપુર, વારાણસી, ગોરખપુર સહિત રાજ્યના ઘણા જિલ્લાઓમાં કરવામાં આવી હતી. વારાણસીમાં બેઠક દરમિયાન સીએમ યોગીએ હોળી જેવા તહેવારો પર ડીજેના મોટા



અવાજ પર ધ્યાન આપવાની સૂચના પણ આપી છે. તેમણે અધિકારીઓને જણાવ્યું હતું કે ધાર્મિક અને જાહેર કાર્યક્રમોમાં ઘોંઘાટનું સ્તર નિર્ધારિત ધોરણો મુજબ રાખવું જોઈએ, જેથી કોઈને અસુવિધા ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વારાણસીમાં કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા બેઠક દરમિયાન હોળી અને હોલિકા દહનને લઈને વિશેષ સુરક્ષા પગલાં સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી. તેમણે અધિકારીઓને કહ્યું કે સરઘસ, જાહેર કાર્યક્રમો અને ધાર્મિક સ્થળોની સુરક્ષાને લઈને સંપૂર્ણ તકેદારી રાખવામાં આવે.

# શેરબજારમાં ફરી નિરાશા, સેન્સેક્સ ૨૦૦ પોઈન્ટ ઘટીને બંધ, નિફ્ટી પણ ગબડ્યો

મુંબઈ,તા.૧૩

સ્થાનિક શેરબજારમાં ઘટાડાનો ટ્રેન્ડ અવિરત ચાલુ છે. ગુરુવારે શેરબજાર ઘટાડા સાથે બંધ થયા. આજે બીએસઈ સેન્સેક્સ ૨૦૦.૮૫ પોઈન્ટના ઘટાડા સાથે ૭૩,૮૨૮.૯૧ પર બંધ થયો હતો. એ જ રીતે, એનએસઈ નિફ્ટી પણ ૭૩.૩૦ પોઈન્ટ ઘટીને ૨૨,૩૯૭.૨૦ પર બંધ થયો હતો. આ ઉપરાંત, બીએસઈ મિડકેપ અને



સ્મોલકેપ સૂચકાંકોમાં ૦.૫-૦.૫ ટકાનો ઘટાડો થયો હતો. સેક્ટોરલ ઈન્ડેક્સની વાત કરીએ તો, ઓટો, આઈટી, મેટલ, રિયલ્ટીમાં ૦.૫-૦.૫ ટકાનો ઘટાડો થયો છે.

ગુરુવારના કારોબાર દરમિયાન નિફ્ટીમાં શ્રીરામ ફાઈનાન્સ, ટાટા મોટર્સ, હીરો મોટોકોર્પ, ઈન્ડસઈન્ડ બેંક, વિપ્રો મુખ્ય ઘટ્યા હતા, જ્યારે ભારત ઈલેક્ટ્રોનિક્સ, એસબીઆઈ, ઓએનજીસી, ટાટા સ્ટીલ, એનટીપીસી વધ્યા હતા. ગુરુવારે ભારતીય રૂપિયો ૨૧ પૈસા વધીને ૮૭ પ્રતિ ડોલર પર બંધ થયો, જે બુધવારે ૮૭.૨૧ હતો.

# દિલ્હીમાં બ્રિટિશ યુવતી પર બળાત્કાર થતા રાજધાની શર્મસાર

નવીદિલ્હી,તા.૧૩

રાજધાની દિલ્હીમાં ફરી એકવાર બળાત્કારની સનસનાટીભરી ઘટના સામે આવી છે. કથિત બળાત્કારની આ ઘટના એક બ્રિટિશ યુવતી સાથે બની હતી. બ્રિટિશ યુવતીએ આરોપ લગાવ્યો છે કે તે સોશિયલ મીડિયા પર થયેલ એક મિત્રને મળવા ભારત આવી હતી. આ દરમિયાન યુવકે તેની સાથે હોટલમાં બળાત્કાર ગુજાર્યો હતો. બ્રિટિશ યુવતીએ અન્ય યુવક પર પણ છેડતીનો આરોપ લગાવ્યો છે. આ ઘટનામાં પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી છે. વાસ્તવમાં, પીડિત મહિલાએ દિલ્હી પોલીસને જણાવ્યું કે તેણે સોશિયલ મીડિયા દ્વારા યુવક સાથે વાત કરવાનું શરૂ કર્યું. આ પછી યુવતી તેને મળવા ભારત આવી હતી. યુવતીએ પોતે દિલ્હીના મહિપાલપુરની એક હોટલમાં રૂમ બુક કરાવ્યો હતો. મંગળવારે યુવક અને યુવતી બંને હોટલ પહોંચ્યા હતા. જોકે, થોડા સમય પછી યુવતીને લાગ્યું કે યુવક તેની સાથે ખોટું કરવાનો પ્રયાસ કરી રહ્યો છે.

# કાશીમાં બુરખામાં મુસ્લિમ મહિલાઓએ ઉત્સાહથી હોળી રમી અને ગીતો પણ ગાયા

વારાણસી,તા.૧૩

હોળી પ્રાચીન કાશી શહેરમાં એકતા અને સંવાદિતાનો સંદેશ આપી રહી છે. રંગોના આ પવિત્ર તહેવારની ઉજવણી દરેક વ્યક્તિ ખુશીથી કરી રહી છે. કાશીની મુસ્લિમ મહિલાઓએ પણ ખૂબ જ ઉત્સાહથી હોળી રમી હતી. આ દરમિયાન, તેમણે ઢોલ વગાડ્યો અને હોળીના ગીતો ગાયા. મુસ્લિમ મહિલાઓએ ફૂલો અને રંગોથી



હોળી રમી હતી. હોળી રમવાનો અને ગીતો ગાવાનો તેમનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. હોળી રમતી સ્ત્રીઓ કહે છે કે હોળી પ્રેમનો તહેવાર છે. આ ઉજવણી કરીને તેઓએ એકતાનો સંદેશ આપ્યો છે. વારાણસીની હોળી ફક્ત દેશમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ ખૂબ પ્રખ્યાત છે. અહીંના મણિકર્ણિકા ઘાટ પર રમાતી મસાન હોળી વિશ્વભરમાં પ્રખ્યાત છે. અહીં દરેક વ્યક્તિ રંગોમાં ડૂબી જાય છે. કાશીના લામાહીમાં આવેલા સુભાષ ભવનમાં પણ આવું જ દ્રશ્ય જોવા મળ્યું હતું.

# જો રશિયા પ્રસ્તાવ સ્વીકારશે નહીં, તો તે તેના માટે વિનાશક સાબિત થશે: રાષ્ટ્રપતિ ટ્રમ્પ

વોશિંગ્ટન,તા.૧૩

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના રશિયન સમકક્ષ વ્લાદિમીર પુતિનને મોટી ચેતવણી આપી છે. તેમણે કહ્યું છે કે યુક્રેન સાથે યુદ્ધવિરામ માટે સંમત થવાનો ઈનકાર કરવો એ ''રશિયા માટે વિનાશક હશે''. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે યુક્રેન સાથે સંભવિત યુદ્ધવિરામ વિશે વાત કરવા માટે યુએસ વાટાઘાટકારો ''હમણાં'' રશિયા જઈ રહ્યા છે. સાઉદી અરેબિયાના જેદ્દાહમાં યુએસ અધિકારીઓ સાથેની વાતચીત દરમિયાન કિવ રશિયા સાથે ૩૦ દિવસના યુદ્ધવિરામ માટે સંમત થયાના એક દિવસ પછી ટ્રમ્પનું આ નિવેદન આવ્યું છે. આવી સ્થિતિમાં, હવે તેને આગળ વધારવાનું રશિયા પર નિર્ભર છે. યુક્રેન અંગે ટ્રમ્પનો આ સંદેશ અને પ્રસ્તાવ પુતિનને પહેલેથી જ મોકલવામાં આવ્યો છે, પરંતુ ક્રેમલિને હજુ સુધી આ અંગે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું નથી.



ડેઈલી મેઈલ અનુસાર, ક્રેમલિનના અનિર્ણાયક વલણને જોઈને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ગુસ્સે છે. તેમણે બુધવારે તેમના રશિયન સમકક્ષ વ્લાદિમીર પુતિનને ચેતવણી આપી હતી કે જો મોસ્કો યુક્રેન યુદ્ધમાં યુદ્ધવિરામ માટે સંમત થવાનો ઈનકાર કરશે તો તેના માટે શ્રેણીબદ્ધ કડક આર્થિક અને અન્ય પ્રતિબંધો ''વિનાશક'' બનશે. વ્હાઈટ હાઉસ ખાતે આયર્લેન્ડના વડાપ્રધાન માઈકલ માર્ટિન સાથેની મુલાકાત બાદ બોલતા ટ્રમ્પે કહ્યું કે યુક્રેન સાથે સંભવિત યુદ્ધવિરામ વિશે વાત કરવા માટે યુએસ વાટાઘાટકારો ''હમણાં'' રશિયા જઈ રહ્યા છે.

# ટ્રેનને મુક્ત કરાવવાના દાવાને ખોટો ગણાવતા બલુચ લડવૈયા

ઈસ્લામાબાદ,તા.૧૩

ગુરુવારે બલુચ લડવૈયાઓએ પાકિસ્તાન સેનાના હાઈજેક કરાયેલી ટ્રેનને મુક્ત કરાવવાના દાવાને ખોટો ગણાવ્યો હતો. બલુચ લિબરેશન આર્મી (BLA) એ કહ્યું કે બલુચિસ્તાનના સિબી વિસ્તારમાં હજુ પણ લડાઈ ચાલુ છે. બીએલએએ કહ્યું કે પાકિસ્તાની સેનાને ભારે નુકસાન થયું છે. સેના પોતાની હાર અને નિષ્ફળતા છુપાવવા માટે સતત ખોટા દાવા કરી રહી છે. બલુચ આર્મીએ એક પ્રેસ રિલીઝ જારી કરીને કહ્યું કે જો પાકિસ્તાની આર્મીએ ખરેખર બંધકોને મુક્ત કર્યા છે, તો




પછી તે બંધકોના ફોટા કેમ જાહેર નથી કરી રહી. હકીકતમાં, યુદ્ધ નીતિશાસ્ત્ર અને આંતરરાષ્ટ્રીય નિયમો મુજબ, અમે વૃદ્ધો, બાળકો અને સ્ત્રીઓને છોડી દીધા હતા. પાકિસ્તાન સરકાર તેને પોતાની સિદ્ધિ ગણાવી રહી છે. બુધવારે રાત્રે ૯:૩૦ વાગ્યે, પાકિસ્તાની સુરક્ષા દળોએ દાવો કર્યો કે ટ્રેન હાઈજેક સંકટનો અંત આવી ગયો છે. તેમણે કહ્યું હતું કે ૩૩ બલુચ લડવૈયાઓ માર્યા ગયા હતા. આ કાર્યવાહીમાં કેટલાક બંધકો પણ માર્યા ગયા છે. બીજી તરફ, પાકિસ્તાની વિદેશ કાર્યાલયનો દાવો છે કે અપહરણ દરમિયાન બલુચ લડવૈયાઓ અફઘાનિસ્તાનમાં તેમના માસ્ટરના સંપર્કમાં હતા અને ત્યાંથી તેમને આદેશો મળી રહ્યા હતા. અફઘાન સરકારે આ દાવાને નકારી કાઢ્યો છે.

# ગુજરાતમાં પાંચ જિલ્લાઓમાં યલો એલર્ટ અપાયું, ગરમીથી આંશિક રાહત મળશે

અમદાવાદ,તા.૧૩



રાજ્યમાં છેલ્લા ચાર દિવસથી ભારે ગરમી પડી રહી છે. મોટાભાગના શહેરોમાં પારો ૪૦ ડિગ્રીને પાર કરી રહ્યો છે. હવામાન વિભાગે અમદાવાદ, ગાંધીનગર, કચ્છ, પોરબંદર અને સુરેન્દ્રનગર જિલ્લામાં ગરમીનું મોજું આવવાની આગાહી કરી છે. રાજ્યના ૯ જિલ્લાઓમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરી ગયું હતું. રાજકોટ ૪૨.૧ ડિગ્રી તાપમાન સાથે સૌથી ગરમ શહેર રહ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આવતીકાલથી ગરમીથી આંશિક રાહત મળી શકે છે. કચ્છ, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, પોરબંદરમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ત્યારે ભીષણ ગરમી કે લૂથી બચવા સમયસર કાળજી લેવામાં ન આવે તો, હીટ સ્ટ્રોકનો ભોગ બનવામાં લાંબો સમય લાગતો નથી. જો કેટલીક બાબતોનું ધ્યાન રાખવામાં આવે તો ગરમીના પ્રકોપથી બચી શકાય છે. ઉનાળાની ઋતુમાં ઝાડા અને ટાઈફોઈડ જેવા ગંભીર રોગોનો પણ ભય રહે છે. હાલમાં રાજ્યની અંદર તાપમાન વધવાનું છે, જેના કારણે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. રાજ્યમાં ઘણી જગ્યાએ તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરે તેવી શક્યતા છે. માર્ચના બીજા અઠવાડિયાથી તાપમાન ઊંચું રહેશે.

# ભાવનગરમાં પ્રેમ સંબંધ બદલ દીકરીની પરિવારના સભ્યોએ જ હત્યા કરી

ભાવનગર,તા.૧૩



ભાવનગરમાં એક છોકરીની તેના જ પરિવારના સભ્યોએ પ્રેમ સંબંધ હોવાને કારણે હત્યા કરી દેતાં ચકચાર મચી ગઈ હતી. પ્રેમ સંબંધના કારણે દીકરીના પિતા અને તેના કાકાએ જ આ કૃત્ય કર્યુ હોવાનું સામે આવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ભાવનગર જિલ્લાના પાલિતાણાના રાણપરડા ગામમાં એક યુવતીને પ્રેમ કરવો ભારે પડ્યો હતો. પ્રેમ સંબંધ બદલ પરિવારના મોભીઓએ જ હત્યા કરી હોવાનું જાણવા મળ્યું છે. પાલિતાણાનાં રાણપરડા ગામમાં રહેતી ૧૯ વર્ષની યુવતીની તેના પિતા અને કાકા દ્વારા હત્યા કરવામાં આવી હોવાની ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. છોકરીને બીજી જાતિના એક યુવક સાથે પ્રેમ સંબંધ હતો, જેના કારણે છોકરીના પિતા અને કાકાએ તેની હત્યા કરી દીધી હતી. તેઓએ છોકરીનું ગળું દબાવીને હત્યા કરી અને તેના પરિવારને જાણ કર્યા વિના તેના અગ્નિસંસ્કાર કર્યા. જે બાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. હત્યાની આ ઘટના ૭ માર્ચે બની હતી અને યુવતીનો નાનો ભાઈ આજે પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો અને આ મામલે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે હત્યા કેસમાં દીપક ધીરુભાઈ રાઠોડ અને ભાવસંગ ઉર્ફે લાલજી ધીરુ રાઠોડ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

# આણંદના અડાસ ગામે એસએમસીના દરોડા, રોકડ સાથે ૬ આરોપીઓની અટકાયત

આણંદ,તા.૧૩

રાજ્યમાં ઘણી જગ્યાએ ચાલતા જુગારધામ પર પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવતી હોવા છતાં અટકવાનું નામ લેતા નથી. ત્યારે આવા ધામો પર એસએમસી દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં આણંદ જિલ્લાના અડાસ ગામે મોડી રાત્રે એસએમસીના દરોડા પડ્યા હતા. મળતી માહિતી મુજબ અડાસના જુગારધામ પર વિઝીલન્સ ટીમના દરોડા પડ્યા હતા. જેમાં મોટી માત્રામાં રોકડ સાથે ૬ આરોપીઓની અટકાયત કરાઈ હતી. કેટલી રોકડ મળી તેની માહિતી સામે આવી નથી. પરંતુ મોટા પાયે જુગારધામ ચાલતું હતું. જેમાં અડાસ ગામના ચરા વિસ્તારમાં ખુલ્લા ખેતરોમાં જુગારધામ ધમધમતું હતું. મળતી માહિતી મુજબ અડાસનો બુટલેગર ગજો જુગારધામ ચલાવતો હતો. ત્યારે એસએમસીને જાણ થતા દરોડા પાડવામાં આવ્યા હતા. પકડાયેલ આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરાઈ છે.

# અમદાવાદના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર બે મુસાફરો પાસેથી ૧.૨૯ કરોડનું સોનું કરાયું જપ્ત

અમદાવાદ,તા.૧૩



અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર એર ઈન્ટેલિજન્સ યુનિટે મોટી કાર્યવાહી કરી છે. થાઈલેન્ડથી અમદાવાદ આવેલા ૨ મુસાફરો પાસેથી ૧.૪૫ કિલોગ્રામ સોનું જપ્ત કરવામાં આવ્યું હતું, જેની કિંમત આશરે ૧ કરોડ ૨૯ લાખ રૂપિયા છે. એઆઈયુના અધિકારીઓએ ગુપ્ત માહિતીના આધારે આ કાર્યવાહી હાથ ધરી હતી. થાઈલેન્ડથી અમદાવાદ આવેલી ફ્લાઈટના ૨ મુસાફરોની શંકાસ્પદ ગતિવિધિઓને કારણે તેઓની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન તેમના સામાનમાંથી સોનાના બિસ્કિટ મળી આવ્યા હતા. આ ઘટનામાં પકડાયેલા બંને મુસાફરોની ધરપકડ કરવામાં આવી છે અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. AIU ના અધિકારીઓએ આ સોનાની દાણચોરીના નેટવર્કની તપાસ શરૂ કરી છે અને આ કેસમાં અન્ય લોકોની સંડોવણીની શક્યતા પણ ચકાસવામાં આવી રહી છે. અમદાવાદ એરપોર્ટ પર સોનાની દાણચોરીના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. છેલ્લા એક વર્ષમાં એરપોર્ટ પરથી કસ્ટમ વિભાગે રૂ. ૫૦ કરોડના સોનાની દાણચોરી ઝડપી પાડી છે. ૫ દિવસ પહેલા જ એરપોર્ટ પરથી ૪૨ લાખની કિંમતના ૨ સોનાના કડા અને ૧૧ લાખની સોનાની ચેઈન કબજે કર્યા હતા.

# પાલનપુરમાં સગીરે કોલેજમાં ભણતી યુવતી ઉપર દુષ્કર્મ ગુજાર્યું

પાલનપુર,તા.૧૩

બનાસકાંઠાના પાલનપુરમાં એક સગીર છોકરાએ કોલેજમાં ભણતી યુવતી સાથે મિત્રતા કરી તેને હોટલમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યુ હતું, તેનો નગ્ન વીડિયો બનાવીને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. યુવતીએ આખરે કંટાળીને પોલીસ સમક્ષ આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. પાલનપુરમાં અશ્લીલ વીડિયોના આધારે, એવો આરોપ છે કે આ સગીર યુવક અને લગભગ ૬ અન્ય યુવાનોએ અલગ અલગ જગ્યાએ અને અલગ અલગ સમયે યુવતી પર બળાત્કાર ગુજાર્યો હતો અને યુવતીનો અશ્લીલ વીડિયો વાયરલ કર્યો હતો. યુવતીએ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને પોલીસે મુખ્ય સગીર આરોપીની અટકાયત કરી છે અને અન્ય આરોપીઓની ધરપકડ કરવા માટે કાર્યવાહી કરી રહી છે. પાલનપુરમાં પણ આવી જ ઘટના જોવા મળી છે, જ્યાં એક કોલેજમાં અભ્યાસ કરતી યુવતીને એક સગીર છોકરા સાથે મિત્રતા કરવી ભારે પડી છે.

# એસ.ટી.વિભાગમાં નોકરી આપવાના બહાને ઠગાઈ થઈ હોવાનો વિદ્યાર્થી નેતા યુવરાજસિંહનો દાવો

ગાંધીનગર,તા.૧૩



ગુજરાતમાં વધુ એક ભરતી કૌભાંડ બહાર આવ્યું છે. સરકારી નોકરીની ભરતીમાં રૂપિયા આપીને નોકરી આપવાની ઠગાઈ કરવાનો વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ આક્ષેપ કર્યો છે. યુવરાજસિંહ જાડેજાનું કહેવું છે કે, જીએસઆરટીસીમાં નોકરી અપાવવાના બહાને ઠગાઈ કરવામાં આવી છે. યુવરાજસિંહે પ્રેસ કોન્ફરન્સ કરીને સમગ્ર માહિતી આપી છે. રૂપિયા ૯૭૨૦૦ની નોકરી માટે એક યુવકે નિલેશ મકવાણા અને આશિષ ક્રિશ્ચિયનને પૈસા આપ્યા હોવાનું જણાવ્યું છે. તેમની સાથે ભોગ બનનાર યુવક ગૌરાંગ ગજ્જર પણ જોડાયો હતો. ઠગાઈનો ભોગ બનતાં તેમણે વટવા પોલીસ સ્ટેશન અને ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવા ગયા હતા, પરંતુ તેમની ફરિયાદ ન સ્વીકારતા મામલો સામે આવ્યો છે. વિદ્યાર્થી નેતા યુવરાજસિંહે જણાવ્યું કે વાહન વ્યવહાર વિભાગમાં ભરતી કૌભાંડ અંગે નકલી નિમણૂક પત્ર, (સ્વીકૃતિ પત્ર) એપોઈન્ટમેન્ટ લેટર, આઈકાર્ડ વગેરે આપવામાં આવે છે. તેમણે એ પણ જણાવ્યું કે ઉમેદવારે આ રજૂઆત મુખ્યમંત્રીને પણ કરી હતી. પરંતુ હજુ સુધી કોઈ ફરિયાદ નોંધવામાં આવી નથી. ભોગ બનનારા ઉમેદવારો છેલ્લા ૬ મહિનાથી ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશનનાં ધક્કા ખાય છે, પરંતુ આજદિન સુધી ફરિયાદ નોંધાઈ નથી. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે મુખ્ય આરોપી બોરસદનો રહેવાસી છે. એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે ટેલિફોન રેકોર્ડિંગના પુરાવા પણ ઉપલબ્ધ છે.

# ગુજરાતના મુખ્ય સચિવ પંકજ જોશીનું નકલી ફેસબુક એકાઉન્ટ બનાવી ખંડણી મંગાતા હડકંપ

ગાંધીનગર, તા.૧૩



ગુજરાતના મુખ્ય સચિવ પંકજ જોશીના નામે એક નકલી ફેસબુક એકાઉન્ટ બનાવવામાં આવ્યું છે; આ નકલી એકાઉન્ટ દ્વારા પૈસાની માંગણી કરવામાં આવી છે. આ નકલી એકાઉન્ટ બનાવનાર વ્યક્તિએ પોતાને સીઆરપીએફ અધિકારી હોવાનો દાવો કરીને પૈસાની માંગણી કરી છે. બીજી તરફ, મુખ્ય સચિવ પંકજ જોશીએ પણ આ બાબતની પુષ્ટિ કરી છે અને ફેસબુક અને પોલીસને સમગ્ર મામલાની જાણ કરી છે. પોલીસે સમગ્ર મામલાની તાત્કાલિક તપાસ શરૂ કરી દીધી છે. અગાઉ અરવલ્લી જિલ્લાના કલેક્ટરનું ફેક આઈડી બનાવવામાં આવ્યું હતું, જેને લઈ સામાન્ય લોકોની સુરક્ષા સામે સવાલ ઉભો થયો છે. જેમાં કલેક્ટર પ્રશસ્તિ પારીકના ફોટો સાથેનું ફેક આઈડી બનાવવામાં આવ્યું છે. આ નકલી આઈડી દ્વારા કલેક્ટરના પરિચિતોને મેસેજ મોકલવામાં આવ્યા હતા. જેને પગલે કલેકટરે આ ફેક આઈડી સંદર્ભે જાહેર જનતાને જાણ કરતો સંદેશો આપ્યો હતો. ડિજિટલ ધરપકડના કિસ્સાઓ સહિત ઓનલાઈન છેતરપિંડીના કેસોમાં વધારો થયો છે. સાયબર છેતરપિંડી કરનાર વ્યક્તિ તમને ધરપકડના ડરથી ડરાવે છે. આમાં તે તમને તમારા ઘરમાં કેદ રાખે છે. આવા કિસ્સામાં, વીડિયો કોલ દરમિયાન, છેતરપિંડી કરનાર વ્યક્તિ પોતાનું બેકગ્રાઉન્ડ પોલીસ સ્ટેશન જેવું બનાવે છે, જેને જોઈને પીડિત ડરી જાય છે અને ડરના કારણે તે પોતાની વાતથી ખાતરી થઈ જાય છે. છેતરપિંડી કરનારાઓ જામીન માંગીને તમને છેતરવાનું શરૂ કરે છે. છેતરપિંડી કરનાર પીડિતોને વીડિયો કોલમાંથી બહાર નીકળવા કે કોઈનો સંપર્ક કરવા દેતો નથી.

# સૌરાષ્ટ્ર યુનિ.નો ક્લાર્ક રૂ.૫ હજારની લાંચ લેતા ઝડપાયો

રાજકોટ,તા.૧૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરીક્ષા વિભાગનો ક્લાર્ક હિરેન જગદીશ પદવાણી ૫ હજારની લાંચ લેતા ઝડપાયો છે. રાજકોટ એસીબીએ છટકું ગોઠવી હિરેનને લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધો છે. હિરેને લાંચની રકમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષા વિભાગની કચેરીમાં સ્વીકારી હતી. આ કામના ફરિયાદી પોતે અભ્યાસ કરતા હોય અને પોતાને સેમેસ્ટર-૬નું એટીકેટી માટેનું ફોર્મ ભરવાનું શરત ચૂકથી રહી ગયું હોય જે સેમેસ્ટર-૬નું લેટ ફોર્મ ભરાવવા માટે આ કામના આરોપીએ ફરિયાદી પાસે ગેરકાયદેસર લાંચ રૂ.૫,૦૦૦ની માંગણી કરી હતી. આ લાંચની રકમ ફરિયાદી આપવા માંગતા ન હોય ફરિયાદીની ફરિયાદના આધારે આક્ષેપીત કચેરી ખાતે ગોઠવાયેલ લાંચના છટકા દરમિયાન આ કામના આક્ષેપીતે ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી, લાંચની રકમ રૂ.૫,૦૦૦ ફરિયાદી પાસેથી માંગી, સ્વીકારી પોતાના રાજ્યસેવક તરીકેના હોદ્દાનો દુરપયોગ કર્યો છે.


શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-અમરેલી

સાવરકુંડલા રોડ-અમરેલી

:: જાહેર સુચના ::

બજાર સમિતિ અમરેલીનાં બજાર વિસ્તાર(અમરેલી શહેર તથા તાલુકા વિસ્તાર)માં નિયંત્રિત ખેત પેદાશો જેવી કે :- અનાજ, કઠોળ, તેલીબીયા, મસાલા, કપાસ,ગોળ, વિગેરેનો વેપાર કરતાં/કરવા ઈચ્છતા સર્વેને જણાવવાનું કે સને ૨૦૨૫/૨૦૨૬ નું માર્કેટવર્ષ તા.૦૧/૦૪/૨૫ થી શરૂ થતુ હોય તા.૩૧/૦૩/૨૫ પહેલા લાયસન્સ મેળવવા નિયત નમુનામાં અરજી કરવાની રહેશે. :-

- બજાર સમિતિનું જરૂરી લાયસન્સ મેળવ્યા સિવાય નિયંત્રિત જણસીઓનું ખરીદ-વેચાણ કે દલાલી કરવી એ ગુન્હા પાત્ર છે.
- ભાગીદારી પેઢીઓએ લાયસન્સ અરજી સાથે ભાગીદારી દસ્તાવેજની નકલ અને અધિકૃત ભાગીદારોનાં ફોટાઓ પાછળ નામ લખી અચૂક રજુ કરવાના રહેશે.
- દુકાન/ગોડાઉનનું ભાડું ભાડાચિઠ્ઠીની શરત મુજબ એક વર્ષનું એડવાન્સ ભરવાનું રહેશે. જે અરજદારનુ ભાડું બાકી હશે તેમણે તા.૩૧/૦૩/૨૦૨૫ પહેલા ભરપાઈ કરવું અન્યથા લાયસન્સ અરજી સ્વીકારવામાં આવશે નહી.
- જે વેપારીઓ/પેઢીઓની માર્કેટ ફી બાકી હોય તેમણે તા.૩૧/૦૩/૨૫ પહેલા ચુકતે કરવી. અન્યથા લાયસન્સ અરજી સ્વીકારવામાં આવશે નહી.
- લાયસન્સ રિન્યુ કરાવવાની અરજી સાથે વ્યકિત/પેઢીએ આગલા વર્ષમાં તેમજ ચાલુ વર્ષમાં કરેલ ખરીદ-વેચાણનાં આધાર-પુરાવા, વાર્ષિક હિસાબો, ખરીદ-વેચાણ ખાતુ અને બજાર સમિતિ અમરેલીમાં ભરેલ માર્કેટ ફીની વિગત રજુ કરવાની રહેશે.
- લાયસન્સ રિન્યુ કરાવવાની અરજી સાથે વ્યકિત/પેઢીએ બજાર સમિતિ અમરેલીમાં રહેલ પોતાની માલિકીની મિલ્કતનાં આધાર રજુ કરવાનાં રહેશે. અન્યથા લાયસન્સ અરજી સ્વીકારવામાં આવશે નહી.
- જે અરજદારોની અરજી તા.૨૫/૩/૨૦૨૫ સુધીમાં સંસ્થાને મળશે તેઓને તા.૩૧/૦૩/૨૦૨૫ સુધીમાં લાયસન્સ મંજુર કરવામાં આવશે તેમજ એપ્રિલ માસમાં લાયસન્સ ઈસ્યુ કરવામાં આવશે.
- તા.૩૧/૦૩/૨૦૨૫ સુધીમાં લાયસન્સ રિન્યુ કરવા માટેની અરજી નહી કરનાર વ્યકિત/પેઢીઓ પાસેથી તા.૩૦/૦૬/૨૦૨૫ સુધી પેનલ્ટી (લાયસન્સ ફીની રકમ જેટલી) ની રકમ સાથે લાયસન્સ રિન્યુ કરવા માટે અરજીઓ સ્વીકારવામાં આવશે. ત્યારબાદ લાયસન્સ રિન્યુ કરી આપવામાં આવશે નહિ.
- જે સહકારી સંસ્થાઓ/મંડળીઓએ લાયસન્સ જોઈતુ હશે તેમણે ઠરાવ સહિત અરજી કરવાની રહેશે.
- જે ખરીદનાર વેપારીઓ યુનિફાઈડ લાયસન્સ ધરાવતા હોય તેઓએ સરકારશ્રીનાં નિયત કરેલ ફોર્મમાં તમામ આધાર-પુરાવા સાથે તા.૨૫/૦૩/૨૫ પહેલા માર્કેટયાર્ડ કચેરીમાં અરજી સાથે લાયસન્સ ફી ભરવાની રહેશે.

તા.ક. :- લાયસન્સ મેળવવા માટે, પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ (કલર), આધારકાર્ડની ઝેરોક્ષ, ધંધાનું સ્થળ-સરનામુ (વ્યવસાય વેરાનું નોંધણી પ્રમાણપત્રની ઝેરોક્ષ), વ્યકિત/પેઢીનાં પાનકાર્ડની નકલ તથા બેંકનું સ્ટેટમેન્ટ, તેમજ વર્ષ-૨૦૨૪/૨૫ નાં લાયસન્સની ઝેરોક્ષ અને ઉપર જાહેરાતમાં દર્શાવેલ જરૂરી તમામ આધાર-પુરાવા અચૂક સાથે જોડી અરજી કરવાની રહેશે. અન્યથા આવી લાયસન્સ અરજીઓ સ્વીકારવામાં આવશે નહી.

ઓફિસ :- (૦૨૭૯૨) ૨૯૫૫૫૫ / ૨૩૪૦૪૪

નોંધ :- બજાર સમિતિનાં પેટા નિયમ મુજબ તમામ બજાર ચાર્જીસ ખરીદનારે ભોગવવાના છે.

| તુષાર હપાણી | સુરેશભાઈ રોકડ | શૈલેષભાઈ સંઘાણી |
|---|---|---|
| સેક્રેટરી | વા.ચેરમેન | ચેરમેન |

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-અમરેલી



હોટલ રોયલ ફોરચ્યુન
હોટલ રોયલ ફોરચ્યુન-2
અમરેલીનું ગૌરવ
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ઓન્લી રૂા.૯૯૯/-માં સુપર ડીલક્સ રૂમ
ફર્સ્ટનાઈટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/-માં
હોટલ રોયલ ફોરચ્યુન — કેરીયા રોડ, બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
હોટલ રોયલ ફોરચ્યુન-2 — આયુશ કોમ્પ્લેક્ષ, R.T.O. બાયપાસ રોડ, સાવરકુંડલા ચોકડીની બાજુમાં અમરેલી.
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૦૧૬૯૩૧૧૧૯



નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ વી.કુબાવત (M.B.D.G.O.) Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રી રોગ પ્રસુતી તથા દુરબીનથી તથા ઓપરેશનના નિષ્ણાંત
અમરેલી જીલ્લામાં દુરબીનની થતા ગાયનેક ઓપરેશનોના પહેલા નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધા :- ■ નોર્મલ/જોખમી સિઝરીયન ડીલવરી ■ પેઈનલેસ (પીડા રહીત ડીલવરી) 3D/4D કલર ડોપલર/ ખોડખાપણની સોનોગ્રાફી ■ ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન ■ વંધ્યત્વની વૈજ્ઞાનિક/ આધુનિક સારવાર/IUI ■ ૨૪ કલાક કાર્યરત લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સ સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
-: ઉપલબ્ધ સુવિધા :-
■ રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU ■ આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણ વાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર ■ જન્મથી ૧૭ વર્ષ સુધિના બાળકોની તપાસ/સારવાર
જુના પાંચમાળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી - મો.૯૭૨૩૭ ૯૯૦૯૧
ઓપીડી સમય
સોમ-શનિ સવારે ૯ થી ૨, સાજે ૫ થી ૮



નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
અમરેલી - ૩૬૫ ૬૦૧
ફોન નં: (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭
સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે
6356560000
મીસકોલ કરો અને SMS થી ભાવ જાણો.